આજનો સુવિચાર

જેનામાં શાંતિનો નિવાસ નથી, તેના બધા જ સદ્‌ગુણ વ્યર્થ છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૧૬ જૂનાગઢ તા.૩૦-૧૨-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 16, Junagadh : Date : 30 December, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## ખેડુત આંદોલન ઉગ્ર બન્યું : આજે પંજાબ બંધ : હાઈવે પર ચક્કાજામ, ટ્રેન સેવા ઠપ્પ : ૨૨૧ ટ્રેનો રદ્દ કરાઈ



### આજે સવારે ૭ વાગ્યાથી પંજાબના તમામ હાઈ-વે પર ખેડુતોએ ચક્કાજામ કર્યો : જનજીવન ઠપ્પ

ચંદીગઢ, તા.૩૦: ખેડૂત સંગઠનો દ્વારા આપવામાં આવેલા પંજાબ બંધની અસર દેખાઈ રહી છે. ખેડૂતોએ આજે સવારે ૭ વાગ્યે પંજાબના હાઈવે બંધ કરી દીધા હતા. ખેડૂતો અમળતસર-દિલ્હી અને જલંધર-દિલ્હી નેશનલ હાઈવે પર બેસી ગયા છે. આ હાઈવે પરથી પસાર થતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પાક માટે એમએસપી ગેરંટી કાયદા સહિત ૧૩ માંગણીઓ માટે આંદોલન કરી રહેલા ખેડૂતોના સમર્થનમાં આજે પંજાબ બંધનું એલાન આપવામાં આવ્યું છે.

ખેડૂતોના પંજાબ બંધના કારણે રાજ્યના તમામ બજારો અને સંસ્થાઓને પણ તાળાં લાગી ગયા છે. પંજાબ બંધને કારણે રાજ્યમાં રેલ અને બસ સેવાઓ, તમામ દુકાનો, શાકભાજી બજારો, સરકારી અને બિનસરકારી કચેરીઓ, પેટ્રોલ પંપ અને ગેસ પંપ બંધ છે. જો કે મેડિકલ સ્ટોર સહિતની ઈમરજન્સી સેવાઓ ચાલુ રહેશે. આ સિવાય એરપોર્ટ, લગ્નની સરઘસ, ઈન્ટરવ્યુ અને પરીક્ષામાં જતા લોકોની અવરજવર પર કોઈ પ્રતિબંધ રહેશે નહીં.

પંજાબમાં આજે ખેડૂતોની હડતાળ છે. ખેડૂતોના પંજાબ બંધની મોટી અસર રેલ ટ્રાફિક પર જોવા મળી રહી છે. ખેડૂતોના વિરોધને કારણે ૨૨૧ ટ્રેનો કેન્સલ કરવામાં આવી છે જ્યારે ૧૯ ટ્રેનોને ટૂંકાવી દેવામાં આવી છે.

## મેલબોર્ન ટેસ્ટમાં ભારતની કારમી હાર : ટીમ ઈન્ડિયાનો ધબડકો

મેલબોર્ન તા.૩૦ ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ખાતે રમાઈ રહેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી-૨૦૨૪-૨૫ની ચોથી ટેસ્ટ મેચમાં ભારતની ઓસ્ટ્રેલીયા સામે ૧૮૪ રને કારમી હાર થઈ છે. કાંગારૂઓએ ભારતને જીતવા માટે ૩૪૦ રનનો ટાર્ગેટ આપ્યો હતો. પરંતુ ભારતની પુરી ટીમ ૧૫૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જેને કારણે ભારતીય ટીમ હવે વર્તમાન ટેસ્ટ સીરીઝમાં ૧-૨ થી પાછળ ચાલી રહી છે. ભારત તરફથી યશસ્વી જયસ્વાલે ૮૪ રનની શાનદાર ઈનિંગ રમી હતી પરંતુ થર્ડ અંપાયરના ખરાબ નિર્ણયને કારણે તેની ઈતિંગનો અંત આવી ગયો હતો. જયારે ભારતના લગભગ તમામ દિગ્ગજ બેટસમેનો સદંતર નિષ્ફળ રહ્યા હતા. ટીમ ઈન્ડિયાનો બેટીંગમાં ધબડકો થતાં ઓસ્ટ્રેલિયા ૧૮૪ રને મેચ જીતી ગયું હતું.

## ભારતીય મહિલાઓ પાસે ૨૪૦૦૦ ટન સોનાનો ભંડાર

નવી દિલ્હી, તા.૩૦: વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ અનુસાર, ભારતીય મહિલાઓ સામૂહિક રીતે લગભગ ૨૪,૦૦૦ ટન સોનાની માલિકી ધરાવે છે, જે દાગીનાના સ્વરૂપમાં વિશ્વના કુલ સોનાના ભંડારનો લગભગ ૧૧% હિસ્સો છે. ભારતીય મહિલાઓની માલિકીનું કુલ સોનું ટોચના પાંચ દેશોના સંયુક્ત સોનાના ભંડાર કરતાં વધુ છે. સરખામણી માટે, યુનાઈટેડ સ્ટેટ્સ પાસે ૮,૦૦૦ ટન સોનું, જર્મની પાસે ૩,૩૦૦ ટન, ઈટાલી પાસે ૨,૪૫૦ ટન, ફ્રાન્સ ૨,૪૦૦ ટન અને રશિયા પાસે ૧,૯૦૦ ટન સોનું છે. જો આ રાષ્ટ્રોના સંયુક્ત ભંડારને ધ્યાનમાં લેવામાં આવે તો પણ તેઓ ભારતમાં મહિલાઓની માલિકીના સોનાના જથ્થાથી ઓછું છે. ઓક્સફર્ડ ગોલ્ડ ગ્રૂપના એક અહેવાલ મુજબ, ભારતીય પરિવારો વિશ્વનું કુલ ૧૧ ટકા સોનું ધરાવે છે જે યુનાઈટેડ સ્ટેટ્સ, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF), સ્વિટ્ઝર્લેન્ડ અને જર્મનીની સંયુક્ત અનામત કરતાં વધુ છે.

## હિલસ્ટેશન માઉન્ટ આબુમાં માઈનસ ચાર ડીગ્રી તાપમાન કાશ્મીરમાં સળંગ ૩૬ કલાક હીમવર્ષાનો રેકોર્ડ સર્જાયો



માઉન્ટઆબુ, તા.૩૦ પશ્ચિમ ભારતના એકમાત્ર હિલ સ્ટેશન અને રાજસ્થાનના કાશમીર ગણાતા માઉન્ટ આબુમાં એક જ દિવસમાં તાપમાનનો પારો ૮ ડીગ્રી ગગડતાં માઈનસ ચાર ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે ગુરુશીખર પર લઘુતમ તાપમાન માઈનસ ૬ ડિગ્રી નોંધાયું હતું. ઠંડીનો પારો ગગડતાં માઉન્ટ આબુના વિવિધ મેદાની સ્થળોએ બરફની ચાદર છવાઈ ગઈ હતી. થર્ટી ફર્સ્ટની ઉજવણી કરવા મોટી સંખ્યામાં પર્યટકો માઉન્ટ આબુ ઉમટી રહ્યા છે, ત્યારે તાપમાનનો પારો ગગડતાં અહીં આવેલા સહેલાણીઓ પણ આ ફુલગુલાબી ઠંડીની મજા માણી રહ્યા છે. કાશ્મીર-હિમાચલ પ્રદેશ તથા ઉતરાખંડ જેવા પર્વતીય રાજયોમાં ભારે હિમવર્ષાએ કહેર સર્જયો છે જયારે કાશ્મીરમાં અત્યાર સુધીની સૌથી વધુ ભારે હિમવર્ષા થયાનું જાહેર થયુ છે. હવામાન વિભાગના સુત્રોના કહેવા પ્રમાણે કાશ્મીરમાં નજીકનાં ભુતકાળની સૌથી ભારે હિમવર્ષા થઈ હતી. શુક્રવાર સાંજથી આકાશમાંથી બરફ વર્ષા શરૂ થઈ હતી. શનિવાર આખો દિવસ તે ઘટનાક્રમ ચાલુ રહ્યો હતો. રવિવારે રાહત થઈ હતી. હિમવર્ષા અટકવાને પગલે લોકોને મુશ્કેલીમાંથી ઉગારવા મોટાપાયે રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. રદ કરાયેલી વિમાની સેવા ફરી શરૂ થઈ હતી. શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પણ ફરી રાબેતા મુજબ થયો હતો.માર્ગો પર લપસી પડવાનું જોખમ હોવાથી વાહનચાલકો-લોકોને ખાસ ચેતવણી આપવામાં આવી હતી.

## અમેરીકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જીમી કાર્ટરનું નિધન

વોશીંગ્ટન, તા.૩૦: અમેરિકાના ૩૯માં રાષ્ટ્રપતિ જીમી કાર્ટરનું ૧૦૦ વર્ષની વયે અવસાન થયું છે. તેઓ ૧૯૭૭ થી ૧૯૮૧ સુધી અમેરિકાના રાષ્ટ્રપતિ હતા. પ્રાપ્ત માહિતી મુજબ તેઓ ઘણા સમયથી બીમાર હતા. ૧ ઓક્ટોબર, ૧૯૨૪ના રોજ જન્મેલા કાર્ટરને ૨૦૦૨માં નોબેલ શાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. કાર્ટર ૧૯૭૭માં આર. ફોર્ડને હરાવીને પ્રમુખ બન્યા હતા. આ સમય દરમિયાન, તેમણે મધ્ય પૂર્વ સાથે અમેરિકાના સંબંધોનો પાયો નાખ્યો.

કાર્ટરે ઓફિસમાં અને ઓફિસની બહાર બંને જગ્યાએ શાંતિ અને માનવતાવાદી કારણો માટે અથાક કામ કરીને પોતાનો વારસો બનાવ્યો. તેમણે ૧૯૭૮માં ઐતિહાસિક કેમ્પ ડેવિડ સમજૂતીમાં દલાલી કરી, જેણે મધ્ય પૂર્વમાં શાંતિ માટે એક માળખું બનાવ્યું અને ઈઝરાયેલ-ઈજિપ્ત શાંતિ સમજૂતી તરફ દોરી. આ કારણે જ તેમને આંતરરાષ્ટ્રીય શાંતિ, લોકશાહી અને માનવ અધિકારોને આગળ વધારવા માટે નોબેલ શાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

## ઈસરો ઈતિહાસ રચશે : આજે રાત્રે સ્પેડેક્સનું લોન્ચીંગ અમેરીકા, રશિયા, ચીનની સમકક્ષ ભારત આવી જશે

નવી દિલ્હી, તા.૩૦: ઈસરો સ્પેસ સેક્ટરમાં બીજી મોટી છલાંગ લગાવવા માટે તૈયાર છે. ISRO આજે રાત્રે ૯:૫૮ વાગ્યે શ્રીહરિકોટામાં સતીશ ધવન સ્પેસ સેન્ટરથી સ્પેસ ડોકીંગ એક્સપેરીમેન્ટ લોન્ચ કરશે. સ્પેડેક્સ PSLV-C60 દ્વારા લોન્ચ કરવામાં આવશે. આ મિશનની સફળતા બાદ ભારત વિશ્વના પસંદગીના દેશો અમેરિકા, રશિયા અને ચીનની વિશેષ કલબમાં સામેલ થશે. માત્ર આ દેશોમાં જ હાલમાં બાહ્ય અવકાશમાં બે અવકાશયાન અથવા ઉપગ્રહોને ડોક (જોડાવા) અને અનડોક (અલગ) કરવાની ક્ષમતા છે. આ વર્ષનું ISROનું આ છેલ્લું મિશન છે. તેની સફળતા ભારતીય સ્પેસ સેન્ટર અને માનવ અવકાશ ઉડાન માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

ISROના જણાવ્યા અનુસાર, મિશનનો ઉદ્દેશ અવકાશમાં અવકાશયાનને ડોક કરવા (એક વાહનને બીજા વાહન સાથે જોડવા) અને પૂર્વવત કરવા (અવકાશમાં જોડાયેલા બે વાહનોને અલગ કરવા) માટે જરૂરી ટેક્નોલોજી વિકસાવવા અને તેનું પ્રદર્શન કરવાનો છે. સ્પેડેક્સ મિશન પીએસએલવી દ્વારા લોન્ચ કરાયેલા બે નાના અવકાશયાનનો ઉપયોગ કરીને ઈન-સ્પેસ ડોકીંગનું નિદર્શન કરવા માટે ખર્ચ-અસરકારક ટેકનોલોજી નિદર્શન મિશન છે. જયારે વહેંચાયેલ મિશન ઉદ્દેશ્યો હાંસલ કરવા માટે બહુવિધ રોકેટ લોન્ચ કરવાની જરૂર હોય ત્યારે અવકાશમાં ડોકીંગ ટેકનોલોજીની જરૂર પડે છે.

## ઈન્કમ ટેકસમાં રાહત આપવા, પેટ્રોલ-ડીઝલની ડયુટી ઘટાડવા સીઆઈઆઈનું સુચન

નવી દિલ્હી તા. ૩૦ સામાન્ય બજેટની તૈયારી શરૂ થઈ ગઈ છે. ઉદ્યોગ સંસ્થાઓ અને ઉદ્યોગ નિષ્ણાતો નાણામંત્રીને વિવિધ સૂચનો આપી રહ્યા છે. જેમાં આવકવેરામાં રાહત, ઈંધણ પર ટેક્સ ઘટાડવાના સૂચન સહિતની અનેક માંગણીઓનો સમાવેશ થાય છે. કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) એ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેના સામાન્ય બજેટ માટેના સૂચનોમાં ઈંધણ પરની આબકારી જકાત ઘટાડવાનું સૂચન કર્યું છે. ઈન્ડસ્ટ્રી બોડીએ જણાવ્યું હતું કે આ છૂટછાટ વપરાશ વધારવા માટે આપવી જોઈએ, ખાસ કરીને નીચા આવકના સ્તરે, કારણ કે ઈંધણની કિંમતો ફુગાવામાં નોંધપાત્ર વધારો કરે છે.

## પોસ્ટલ વિભાગે અચાનક બુકપોસ્ટ સેવા બંધ કરી દીધી

નવી દિલ્હી, તા.૩૦: કોમ્યુનિકેશન મંત્રાલયની અંદર આવતાં પોસ્ટલ વિભાગે બુક પોસ્ટની સેવા બંધ કરી છે. જો કે આ માટે પોસ્ટલ વિભાગે અગાઉથી કોઈ સૂચના આપી ન હતી. અગાઉ ગ્રાહકો બુકપોસ્ટ સેવા દ્વારા પાંચ કિલો સુધીના પુસ્તકો રૂ.૮૦માં રજિસ્ટર્ડ બુક પોસ્ટ કરી શક્તા હતા અને લાખો લોકો માટે મોંઘી કુરીયર સેવા સામે બુકપોસ્ટની સેવા એક આશીર્વાદરૂપ હતી. પોસ્ટ વિભાગે અચાનક આ સેવા બંધ કરતાં પુસ્તક-સામયિક પ્રકાશકો અને વાચકોને ફટકો પડયો છે. પોસ્ટ વિભાગની આ સેવા પાછળ લોકો ઓછા ખર્ચે પુસ્તકોની આપ-લે કરી શકે તેવો મુખ્ય ઉદ્દેશ હતો. પરંતુ હવે બુકપોસ્ટની સેવા બંધ થતાં ભારતના લાખો ચોપાનિયા, પુસ્તકો અને પખવાડિકો પર તેની મોટી અસર વર્તાશે.


૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

શુધ્ધતાનો સ્વાદ... તંદુરસ્તીનો અહેસાસ...
મીની મિલનું શુધ્ધ પૌષ્ટિક સીંગતેલ
હાલમાં સમગ્ર વિશ્વ જ્યારે કેમીકલયુક્ત ખોરાકને લીધે અનેક રોગોમાં સપડાયેલ છે ત્યારે ખોરાકમાં મગફળીનું શુધ્ધ તેલ સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી છે. અમે લાવ્યા છીએ આપના માટે બારેમાસ ભરવા લાયક મિની ઘાણીનું નેચરલ શુધ્ધ સીંગતેલ
તો આજે જ ઘરે મંગાવો પૌષ્ટિક ઘાણીનું ૧૦૦% શુધ્ધ સીંગતેલ
ખોડલ એન્ટરપ્રાઈઝ
ધોરાજી રોડ, ઓકટ્રોય નાકા પાસે, જૂનાગઢ.
સંપર્ક : ૯૪૨૬૯ ૧૪૦૪૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે)
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

Dentistry For Little Ones
પાર્શ્વિ ડેન્ટલ કેર
ડૉ. ભુમિકા ડી. હિરપરા
MDS
Pedodontics & Preventive Dentistry
બાળકોના દાંતના નિષ્ણાંત
બાળકોના દાંતનું દવાખાનું
૧૦ વર્ષના વિશાળ અનુભવની સાથે બાળકોના દાંતની વિશેષ સારવારો બાળકોને અનુરૂપ વાતાવરણમાં...
અક્ષર પ્લાઝા-૧, ચોથો માળ, ઝાંઝરડા ચોકડી, જુનાગઢ
+91 94290 18328 Parshvi_dental_care

હિરપરા ડેન્ટલ
ઈમ્પ્લાન્ટ । પીડોડોન્ટિક્સ । ઓર્થોડોન્ટિક્સ
ડૉ. દર્પણ આર. હિરપરા
MDS - Master of Dental Surgery
100% Sterilized, Hygienic Clinic
ફકત ત્રણ જ દિવસમાં ફિક્સ દાંત
સારવાર પહેલા / ફીકસ દાંત સારવાર / સારવાર બાદ
● ૧૨ વર્ષથી ડેન્ટલ ઈમ્પ્લાન્ટને લગતી બધીજ સારવાર તથા વિકલ્પ ઉપલબ્ધ કરાવતુ એકમાત્ર કિલિનિક
● આધુનિક 3D પધ્ધતિ દ્વારા ગાઈડેડ ઈમ્પ્લાન્ટ સર્જરી.
● ૩ દિવસમાં ફિકસ દાંત, દુઃખાવા રહીત, ટાંકા વગરની ફ્લેપલેશ ઈમ્પ્લાન્ટ સર્જરી
● ડાયાબીટીસ અને કેન્સર પેશન્ટમાં પણ શકય છે.
● વાંકાચુકા દાંતની સારવાર માટે બ્રેસિસ અને અલાઈનર દ્વારા સારવાર
● દાંત બચાવવા માટે સિંગલ સીટીંગ રૂટ કેનાલ ટ્રીટમેન્ટ
● ડહાપણ દાઢ કાઢવાની સર્જરી
● સ્માઈલ ડીઝાઈનીંગ - કોસ્મેટીક ડેન્ટલ ટ્રીટમેન્ટ
ઈન્વિઝલાઇન અલાઇનર્સ દ્વારા તમારા વાંકાચુકા દાંતની સમસ્યા હંમેશા માટે દૂર થશે
Invisalign v Braces
બીજો માળ, પ્રિઝમ કોમ્પ્લેક્ષ, બસ સ્ટેન્ડ સામે, જૂનાગઢ૦૩
+91 93165 40149
www.hirparadental.in, Email : drdarpan85@gmail.com

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફલોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
❖ CBC - લોહીના કણોની તપાસ
❖ RBS - સુગરની તપાસ
❖ HbA1c - સરેરાશ સુગરની તપાસ
❖ Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
❖ SGPT & SGOT - લીવરની તપાસ
❖ Creatinine - કિડનીની તપાસ
❖ Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
❖ TSH - થાઈરોઈડની તપાસ
❖ Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ
હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
❖ Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
❖ Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
❖ I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
❖ Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
❖ T3 T4 TSH - થાઈરોઈડની સંપૂર્ણ તપાસ
સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત 2870/-
સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત 5060/-
સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.C.H.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જૂનાગઢ.

# જૂનાગઢમાં પ્રજ્ઞાચક્ષુ બહેનોએ ગરબા સાડી વકૃત્વ સ્પર્ધા જનરલ નોલેજ લોકગીત અભિનયમાં દિવ્ય ઓજસ પાથર્યા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

અભ્યાસ સહિતની ઈતર પ્રવૃતિઓમાં પણ ગુજરાતના તેજસ્વી બહેનો માટે ૨૮ અને ૨૯ ડિસેમ્બર યોજાયેલા કાર્યક્રમના આયોજનનો માં પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટ અને સત્યમ સેવા યુવક મંડળ દ્વારા પ્રજ્ઞાચક્ષુ ગરબા બહેનો માટે ગરબા, હરીફાઈ સાડી, લોકગીત, વકૃત્વ સ્પર્ધા, જનરલ નોલેજ વગેરે સ્પર્ધાઓનો કાર્યક્રમ યોજાયો હતો ૨૦૮ બહેનો એ આ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો જેમાં ગરબા સ્પર્ધામાં પ્રજ્ઞાચક્ષુ બહેનોએ લયબધ રીતે વિવિધ સ્ટેપ કોઈપણ ભૂલ વિના રજૂ કર્યા હતા. સાડી સ્પર્ધામાં પણ બહેનોએ રંગબેરંગી સાડીઓ પરિધાન કરી સ્ટેજ ઉપર ઉપસ્થિત થઈ હતી. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન પ્રવિણાબેન ચોક્સી, જવાહરભાઈ ચાવડા, હરસુખભાઈ રાદડિયા, મનસુખભાઈ પોપટ, ભરતભાઈ નંદાણીયા, મેહુલભાઈ દવે, ડો. બકુલ બુચ વગેરેના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે વિજયાબેન લોઢીયા, જ્યોતિબેન કેશવાલા, અમુદાનભાઈ ગઢવી, સુશીલાબેન શાહ, ચેતનાબેન પંડ્યા, પુષ્પાબેન પરમાર, ચેતનાબેન મિસરાણી, જયશ્રીબેન વેકરીયા, શારદાબેન લાઠીયા, રશ્મિબેન વિઠલાણી, નિશાબેન પાનેરા, મીનાબેન સુખડિયા, ગીરીશભાઈ મશરૂ વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સાડી પરિધાન વાઢેર સરસ્વતી મોરબી પ્રથમ નંબર આવેલ પોરબંદરની દક્ષા પાઠક બીજો નંબર આવેલ લોકગીત સ્પર્ધામાં રાજકોટની ગોહિલ હેતલનો પ્રથમ નંબર આવેલ અમદાવાદની એકતા મનીષાનો બીજો નંબર આવેલ તેમજ વકૃત્વ સ્પર્ધામાં અમદાવાદની વાડોદરિયા ધરતીનો પ્રથમ નંબર આવેલ હતો અમદાવાદની દુધાત્રા માનસીનો બીજો નંબર આવેલ હતો. તેમજ જનરલ નોલેજમાં રાજકોટની રાહુલ સામરાગની પ્રથમ નંબર આવેલો હતો. ડાંગની પટેલ નેહા બીજો નંબર આવેલ હતો અને રાસ ગરબા સ્પર્ધામાં જણકાર ફાઉન્ડેશન અમદાવાદ પહેલો નંબર આવેલ હતો અને વી.ડી. પારેખ અંધ મહિલા મંડળનો બીજો નંબર આવેલ હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, મુકેશગીરી શિવગીરી મેઘનાથી, કે.બી. સંઘવી, બટુક બાપુ, અરવિંદભાઈ મારડિયા, શાંતાબેન બેસ, સંતોષબેન મુદ્રા, અલ્પેશભાઈ પરમાર, ચંપકભાઈ જેઠવા, કમલેશભાઈ પંડ્યા, પ્રવીણભાઈ જોશી, દયાબેન માણેક, પાયલબેન મેઘનાથી વગેરે કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

# સંત શ્રી આસારામજી બાપુ પ્રેરિત ૨૫ ડિસેમ્બરને તુલસી પૂજન દિવસ તરીકે ઉજવવામાં આવ્યો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ શહેરમાં શ્રી યોગ વેદાંત સેવા સમિતિ દ્વારા શહેરના અલગ -અલગ શૈક્ષણિક સંકુલોમાં ૨૫ ડિસેમ્બરને તુલસી પૂજન દિવસ તરીકે ઉજવવામાં આવ્યો. શ્રી યોગ વેદાંત સેવા સમિતિના અધ્યક્ષ અને રાષ્ટ્ર વંદના મંચ જૂનાગઢ જિલ્લાના કન્વીનર રામભાઈ ભુતીયા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ૨૫ ડિસેમ્બરના નાતાલ પર્વ જે પદ્ધતિથી ભારતમાં ઉજવવામાં આવે છે તે ભારતીય સંસ્કૃતિને અનુકૂળ નથી અને આ પર્વ જે રીતે ભારત જેવા સંસ્કૃતિ પ્રધાન દેશમાં ઉજવવામાં આવે છે તેનાથી ભારતીય સમાજ અને ખાસ કરીને ભારતના યુવાન યુવતીઓ ગુમરાહ બને છે. આજે આખુ વિશ્વ પ્લાસ્ટીકની બાબતમાં ચિંતિત છે. ત્યારે આ પર્વ ઉજવવામાં ક્રિસમસ ટ્રી જેવા પ્લાસ્ટિક વૃક્ષને મહત્વ આપવુ કેટલું વ્યાજબી ગણાય ? તેની સામે આપણી ભારતીય સંસ્કૃતિમાં તુલસીનો મહિમા અપરંપાર છે અને તે એટલા ઔષધીય ગુણો ધરાવે છે કે આજે વિજ્ઞાન પણ કહે છે "તુલસી ઈજ ધ વંડરફુલ ડ્રગ્જ". આપણા આર્યુવેદ શાસ્ત્રમાં તો ત્યાં સુધી જણાવવામાં આવ્યું છે કે શાસ્ત્રોકત વિધિથી તુલસીનું કાયમી સેવન કરવામાં આવે તો કેન્સર જેવા ઘાતક રોગ પણ મટી શકે છે. ભારતની ઋષિ પરંપરા અને ઉત્તમ સંસ્કૃતિને ભૂલીને ૨૫ ડિસેમ્બરથી લઈ ૩૧ ડીસેમ્બર સુધી નાતાલ પર્વના નામે અનેક અસમાજિક પ્રવૃત્તિઓ થાય છે. એક આંતરરાષ્ટ્રીય સંસ્થાના અહેવાલ પ્રમાણે આ નાતાલ પર્વ દરમ્યાન જેટલો વાઈનનો ઉપયોગ થાય છે તે રેકોર્ડ બ્રેક છે. ભારતીય સમાજ પોતાની ઉત્તમ સંસ્કૃતિને ભૂલીને આ વિકૃતિઓ તરફ આકર્ષિત થઈને બરબાદ ન થાય તે હેતુથી સંત શ્રી આશારામજી બાપુની પાવન પ્રેરણાથી છેલ્લા પંદર વર્ષથી ૨૫ ડિસેમ્બરને તુલસી પૂજન પર્વ તરીકે દેશ વિદેશમાં ઉજવવામાં આવે છે. અને ૨૫ ડિસેમ્બર થી લઈને ૩૧ ડીસેમ્બર સુધી આ કાર્યક્રમની સાથે સાથે સમગ્ર ભારત દેશમાં શ્રી યોગ વેદાંત સેવા સમિતિ દ્વારા વૃંદા અભિયાન ચલાવવામાં આવે છે જેમાં શહેરના મુખ્ય માર્ગો ઉપરથી પસાર થતા લોકોને તુલસીના છોડ સાથે તુલસી રહસ્ય પુસ્તક આપવામાં આવે છે અને ઘર ઘર તુલસી હર ઘર તુલસીના સૂત્રને સાર્થક કરવામાં આવે છે. આ પર્વ પ્રસંગે જૂનાગઢના શૈક્ષણિક સંકુલોના લગભગ ૧૦૦૦ વિદ્યાર્થીઓને તુલસીનું મહત્વ વૈજ્ઞાનિક અભિગમ સાથે શ્રીરામભાઈ ભૂતિયા દ્વારા સમજાવવામાં આવ્યું હતું. આ પ્રસંગને સફળ બનાવવા માટે શ્રીરામભાઈ ભૂતિયાના અધ્યક્ષ સ્થાને યોગ વેદાંત સેવા સમિતિના ભાઈઓ તથા મહિલા ઉત્થાન મંડળની બહેનોએ ખાસ જહેમત ઉઠાવી હતી.

# વિસાવદર ખાતે ઈકોઝોનની લડતના પ્રણેતા પ્રવીણ રામ તેમજ આપ નેતા હરેશભાઈ સાવલીયા દ્વારા જાહેર થયેલા ખેડુતોના મહાસંમેલનમાં વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉમટ્યા



(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૩૦

ઈકોઝોનની વિરૂધ્ધના ખેડુતોના આ મહાસંમેલનમાં ખેડૂતોના મસીહા એવા આપ પ્રદેશ અધ્યક્ષ ઈસુદાનભાઈ ગઢવી, આપ રાષ્ટ્રીય નેતા ગોપાલભાઈ ઈટાલિયા, ઈકોઝોનની લડતના પ્રણેતા પ્રવીણ રામ, ધારાસભ્ય હેમંતભાઈ ખવા તેમજ પરેશભાઈ ગોસ્વામી અને હર્ષદ રીબડિયાએ સભાને સંબોધી સરકાર ઉપર આકરા પ્રહાર કર્યા હતા, આ તકે ઈકોઝોનની લડતના પ્રણેતા અને આપનેતા પ્રવીણ રામે ઉતરાયણમાં સમગ્ર ગીર વિસ્તારમાં ઈકોઝોન નાબૂદ કરવાના સ્લોગન વાળા પતંગ ચગાવી ઈકોઝોનનો વિરોધ દર્શાવવાનો આગામી પ્રોગ્રામ જાહેર કર્યો હતો તેમજ આગામી દિવસોમાં તાલાલામાં સભા અને જો ઈકોઝોન નાબૂદ ના થાય તો આગામી ચૂંટણીમાં ભાજપ નાબૂદ કરવાના પ્રોગ્રામો જાહેર કર્યા, આપ પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ કહ્યું કે ઈકોઝોન માટે હું અને સમગ્ર આમ આદમી માથું આપવા તૈયાર છે તેમજ આપનેતા ગોપાલ ઈટાલિયાએ ઈકોઝોન અને ખેડૂતોની અન્ય સમસ્યાઓનો એક માત્ર રામબાણ ઈલાજ ચૂંટણી છે અને વિસાવદરની ચૂંટણી ભાજપના નેતાઓએ જ રોકી રાખી છે એવા આક્ષેપ કર્યા હતા સાથે સાથે ધારાસભ્ય હેમંતભાઈ ખવાએ ઈકોઝોન નાબૂદ કરવાનો મુદો વિધાનસભામાં ઉઠાવવાની વાત કરી હતી તેમજ ખેડૂત નેતા પરેશભાઈ ગોસ્વામીએ કહ્યું કે આ કાયદો ખેડૂતો માટે ઈકોઝોન નુકસાનકારક છે. ખેડૂતોની આ સભામાં ભાજપના હર્ષદભાઈ રીબડિયાએ હાજરી આપી ભાજપ સરકાર વિરૂધ્ધ જ આકરા પ્રહારો કરતા ભાજપની ચિંતામાં વધારો કર્યો હતો, આ ઘટનાથી ભાજપની ડિસિપ્લિન વાળી બાબતના લીરેલીરા ઉડી ગયા હતા. વધુમાં આપનેતા પ્રવિણ રામે સરકારને આડેહાથ લેતા કહ્યું કે સરકારે ઈકોઝોન લાવવા કરતા જગ્યાએ વન્યપ્રાણીઓ ખેડૂતોના પાકને નુકશાન કરે છે એમાં પહેલા તો પાકવીમો આપવાની જરૂર છે, ઈકોઝોનનું નાટક કરવાની જગ્યાએ ઘોડાસણ જે સોલાર પ્લાન્ટને મંજૂરી આપી નિયમોના ધજાગરા ઉડાવવાનું કામ થઈ રહ્યું છે એ બંધ કરવાની જરૂર છે, બીલખામા સિંહ દ્વારા ૮ પશુના મારણની ઘટનાને યાદ કરી વનવિભાગને આડેહાથ લેતા કહ્યું કે કોઈ પોતાના ખેતરમાં બેસીને કાયદા હાથમાં લીધા વિના સિંહદર્શન કરતા હોય તો ત્યાં તો વનવિભાગ ૧૦ મિનિટમાં તોડ કરવા પહોસી જાય છે તો પછી બીલખા કેમ ના પહોસી શકયા ? આ ખેડૂત મહાસંમેલન આપનેતા પ્રવીણ રામ, હરેશભાઈ સાવલીયા અને આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો અને દરેક પક્ષના લોકોને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

# વિસાવદર આર્ય સમાજ દ્વારા વિનામૂલ્ય સેવા યજ્ઞ પૂર્ણ



(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૩૦

શ્રી રાજકોટ રણછોડદાસ બાપુ આંખની હોસ્પિટલ દ્વારા તથા વિસાવદર આર્યસમાજ મંદિર ખાતે યોજાયેલા નેત્ર યજ્ઞનું દીપ પ્રાગટ્ય કરતા મૌની આશ્રમ (આંબાઆરા) મહંત શ્રી શક્તિ દાસ બાપુ તથા હનુમાન મઢી ખાંભાના મહંત સત્યનારાયણદાસ બાપુએ કહ્યું કે વર્તમાન સમયમાં માનવસેવા એ જ પ્રભુ સેવા છે પૂજય રણછોડદાસ બાપુનો આજીવન મંત્ર હતો જે દર્દી નારાયણમાં આરોગ્ય લક્ષી સેવા થાય છે. આજે અમને નેત્રયજ્ઞામાં બોલાવ્યા તો અમે ગુરૂ મહારાજને પ્રાર્થના કરીએ છીએ કે બધા દર્દીઓને આંખો સારી થાય, અતિથિ વિશેષ તરીકે હિતેશભાઈ ગાઢાણી અને માલાબેન ગાંઠાણી એન.આર.આઈ. દંપત્તિ સાથે યજ્ઞામાં જોડાઈને કહ્યું કે આ પ્રકારની આરોગ્ય લક્ષીએ જ શ્રેષ્ઠ સેવા છે સમગ્ર કેમ્પમાં કુલ ૨૨૫ દર્દીઓની ઓપીડી થયેલ અને ૧૧૦ ફેકો મશીન લેન્સથી ઓપરેશન કરી અને નેત્રમણી તથા વેલના ઓપરેશન માટે દર્દીઓને રહેવા - જમવા - લઈ જવા પરત મૂકી જવા તથા કાળા ચશ્મા ભોજન અને ફોલોઅપ તેમજ દવાની સેવા વિનામૂલ્ય સંસ્થા તરફથી છેલ્લા ૩૨ વર્ષથી આવીરત સેવા યજ્ઞ ચાલે છે તેમજ ફોલોપ માટે પણ ડોક્ટર આર.આર.વેકરીયા, ડોક્ટર વિનોદ વાઘેલા સેવા આપે છે. આ કેમ્પને સફળ બનાવવા માટે ડોક્ટર જગદીશભાઈ નિમાવત, વિપુલભાઈ ભુવા, જુતુપરી ભોલેનાથ, મણીભાઈ રીબડીયા પ્રેમપરા, પી.ટી. વૈષ્ણવન, કિશોરભાઈ રીબડીયા, હાર્દિકભાઈ વિઠલાણી, વિપુલભાઈ ભુવા, પરસોતમભાઈ પદમાણી કાલાવડ, ગીતાબેન નુરગઢ તથા નિવૃત ખેતીવાડી અધિકારી સી.વી. માલવિયા સેવા યજ્ઞને સફળ બનાવવા માટે સેવા આપેલ હતી તેમ આર્ય સમાજના પ્રમુખ સુધીરભાઈ ચૌહાણની યાદી જણાવે છે.

# દ્વારકાના જગત મંદિરે તંત્રની ગંભીર બેદરકારી સામે આવી ચેકીંગમાં લોલમલોલ

## હે ભગવાન તારા મંદિરમાં હવે લોકો ભાનભુલી જોડા મંદિરમાં પહેરી પોચે છે



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૩૦

યાત્રાધામ દ્વારકા જગત મંદિરે હાલ નાતાલના મિની વેકેશનમાં છેલ્લા પાંચક દિવસથી ઠાકોરજીના દર્શન કરવા ભક્તોની ભારે ભિડ જોવા મલી છે. ત્યારે સબંધિક્ત તંત્ર પણ ભિડના કારણે મંદિરમાં જતા લોકોને ચેકીંગ કરવામાં લોલમલોલ ચાલતી હોય તેવું સામે આવ્યું છે. તાજેતરમાં જ જગત મંદિર અંદર અજાણ્યા વ્યતિ સુઝ પહેરીને પોચી ગયેલ હોવાનો બનાવ સામે આવ્યો છે. જે વ્યતિ જગત મંદિર અંદર સુઝ પેરીને પોચી ગયેલ ત્યારે ત્યાજ મંદિરમાં સુઝ ઉતાર્યા હોવાના કોકે ફોટા પાડી વાયરલ કરાતા મંદિર સુરક્ષા કરતા કર્મીઓમાં ચેકીંગમાં લોલમ લોલ ચાલતી હોય તેવી ચર્ચાઓ ઉઠી છે. લોકો કહી રહ્યા છે કે મંદિર સુરક્ષામાં તો લોલમ લોલ ચેકીંગ હાલે છે. પણ હે ભગવાન તારા મંદિરમાં પણ લોકો ભાનભુંલી મંદિરમાં ઝોડા પહેરી પહોચ્યાવે છે.

# પવિત્ર ધનુર્માસ-સોમવતી અમાસ નિમિત્તે શ્રીકષ્ટભંજનદેવ દાદાને રંગબેરંગી સેવંતી તથા હજારીગલના ફુલોનો દિવ્ય શણગાર ધરાવવામાં આવ્યો

(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૩૦

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજી (અથાણા વાળા) ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી પવિત્ર ધનુર્માસ-સોમવતી અમાસ નિમિત્તે તા.૩૦-૧૨-૨૦૨૪ના રોજ સાળંગપુરમાં શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને રંગબેરંગી સેવંતી તથા હજારીગલના ફુલોનો દિવ્ય શણગાર કરાયો છે. આજે સવારે ૫:૪૫ કલાકે શણગાર પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. આજે કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે સેવંતી તથા હજારીગલના ફુલોનો દિવ્ય શણગાર કરાયો છે. દાદાને સિલ્કના વાઘા કલરફૂલ ફુલની ડિઝાઈન અને જરદોશી વર્ક કરાયું છે. તેમજ તલવાર, ઢાલ, ગદા વગેરે ધરાવાયા છે. પવિત્ર ધનુર્માસ નિમિત્તે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર આયોજીત સાળંગપુરધામમાં પારિવારિક શાંતિ માટે મંદિરના પટાંગણમાં યજ્ઞશાળામાં શ્રી હનુમાન ચાલીસા યજ્ઞનું આયોજન તા.૧૬-૧૨-૨૦૨૪ થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ સુધી કરવામાં આવ્યું છે. યજ્ઞશાળામાં



શ્રી હનુમાન ચાલીસા યજ્ઞ સવારે ૭ થી ૧૨ અને સાંજે : ૩ થી ૬ કલાક દરમ્યાન પવિત્ર ભૂદેવો વડે પૂજન-અર્ચન-આરતી કરવામાં આવી રહ્યા છે. હજારો ભક્તોએ આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

# ઊના સરકારી હોસ્પિટલમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫ ડીલેવરી કરાવાઈ



(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૩૦

ઊના સરકારી હોસ્પિટલમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫ ડીલેવરી કરવામાં આવી હતી. તેમાંથી ૫ ડિલેવરી સીઝરીયન અને ૧૦ ડિલેવરી નોર્મલ થઈ હતી. આ અંગેની જાણ ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડને થતા સરકારી હોસ્પિટલની મુલાકાત લીધી અને સરકારી હોસ્પિટલની સરાહનીય કામગીરીને જોઈને ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડએ તબીબોને, સ્ટાફને, નર્સિંગ સ્ટાફને શુભેચ્છાઓ પાઠવી હતી. તમામ માતાઓ ને પણ શુભેચ્છાઓ પાઠવી હતી. આ તકે અધિક્ષક ડોક્ટર મિશ્રા, સ્ત્રી રોગ નિષ્ણાંત ડોક્ટર ઉલ્લાસ, ડોક્ટર ગુર્જર, બાળ રોગ નિષ્ણાંત ડોક્ટર જાલોન્ધરા, ડોક્ટર યોગેશ ગુર્જર સહિતના તબીબો ઉપસ્થિત રહ્યા હતા.

# ફિશરમેન ગ્રુપ દ્વારા બિનવારસુ બોટની માહિતી મેળવીને બોટ માલિકને બોટ સોંપતી ઓખા મરીન પોલીસ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

દેવભૂમિ દ્વારકા જિલ્લાના પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા જિલ્લામાં આવેલા કોસ્ટલ વિસ્તારમાં એફ.એલ.સી. ખાતે ફિશરમેન ગ્રુપ બનાવીને માછીમારી પાસેથી દરિયા અંગેની વિવિધ માહિતીઓ મેળવવામાં આવી રહી છે. જે અંતર્ગત દ્વારકાના ડીવાયએસપી સાગર રાઠોડના સીધા માર્ગદર્શન હેઠળ ઓખા મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા આર.કે બંદર ખાતે અવાર નવાર ફિશરમેન ગ્રુપની બેઠક યોજવામાં આવે છે. જે આધારે ઓખા ફિશરમેન ગ્રુપના સક્રિય સભ્ય દ્વારા ઓખા કોસ્ટ ગાર્ડ હેડ ક્વાટર પાછળ આવેલા દરિયામાં એક બિનવારસુ અને શંકાસ્પદ બોટ હોવા અંગેની માહિતી મળી હતી. જેથી ઓખા મરીનની બોટ પેટ્રોલીંગ ટીમ દ્વારા ઉપરોક્ત સ્થળે તપાસ કરતા "અજમેરી"(રજીસ્ટર ન. IND-GJ-12-MM-1071) નામની એક બોટ અહીં મળી આવી હતી. જેને અનુલક્ષીને બોટના માલિકની તપાસ હાથ ધરવામાં આવતા આ બોટ કચ્છ જિલ્લાના અંજાર તાલુકાના વંડી ગામના રહીશ અનવર સાલે ભાટ્ટીની હોવાનું અને આ બોટ મુંદ્રા મરીન પોલીસ સ્ટેશન વિસ્તારના એફ.એલ.સી. ખાતેથી દરિયાઈ કરંટના કારણે બોટનું એક્કર તૂટવાથી દરિયાઈ મારફતે ઓખા ખાતે આવી ગઈ હતી. જે અંગેની માહિતી મળતા આ બોટ શંકાસ્પદ ન હોવાથી તે મૂળ માલિકને સોંપી આપવામાં આવી હતી. આ સમગ્ર કામગીરી ઓખાના પી.એસ.આઈ. આર.આર. ઝરૂ તેમજ સ્ટાફના રમેશાભા બઠિયા, અજીતભાઈ મેર, મેઘજીભાઈ બાલાપુરીયા દ્વારા કરવામાં આવી હતી.

# ઓખાના વેપારી ગૃપએ છઠ્ઠી વખત યાત્રાધામ બેટ-દ્વારકાની ૩૨ કિમીની પ્રદક્ષિણા પગપાળા પૂર્ણ કરી

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૩૦

દ્વારકા તાલુકામાં ઓખાનાં વેપારીઓ અને તેમનાં સંતાનો અને નગરજનો હર હમેશ ધાર્મિક, જીવદયા અને સામાજિક સેવાઓનાં કાર્યો માટે અગ્રેસર રહે છે. નવરાત્રી, જન્માષ્ટમી, રામનવમી, હનુમાન જયંતી, હોળી ઉપરાંત અનેક ધાર્મિક ઉત્સવ ઉજવણીમાં ઓખાનાં વેપારીઓ તન, મન અને ધનથી સહકારની ભાવનાથી હંમેશાં સંગઠીત રહીને હોંશભેર ભાગ લે છે. શ્રાધ્ધ પક્ષમાં ગૌસેવાનું કાર્ય તેઓનું પ્રસંશનીય કાર્ય હોય છે. સંસ્કૃતિ, પરંપરા અને ધાર્મિકતાને ટકાવવા છેલ્લા ૬ વર્ષથી યાત્રાધામ બેટ-દ્વારકાની ૩૨ કિ.મી.ની પગપાળા પ્રદક્ષિણા કરી ભગવાન દ્વારકાધીશને વિશ્વ કલ્યાણની પ્રાર્થના કરે છે. અંગ્રેજી વર્ષનાં અંતિમ દિવસો એટલે કે ડિસેમ્બરમાં આ આયોજન થાય છે. ધાર્મિક માન્યતા અનુસાર યાત્રાધામ બેટ-દ્વારકાની પગપાળા પ્રદક્ષિણા કરવાથી અનેકગણું ધર્મ ફળ મળે છે. રવિવારે ઓખાનાં ૩૦ જેટલા વેપારી-નગરજનો સવારે દ્વારકાધીશનાં દર્શન કરીને આ પ્રદક્ષિણા પદયાત્રા શરૂ કરીને સાંજે પૂર્ણ કરી ભગવાનનાં આશિર્વાદ લીધા હતા.

# ભારતિય જીવશૈલી અને સંસ્કૃતિમાં ૧૬ સંસ્કારોનું મહત્વ વિષયે યોજાયું વ્યાખ્યાન

## ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણને પવિત્રતમ પ્રક્રિયા માનવામાં આવી છે. ગીતામાં શ્રીકૃષ્ણે જ્ઞાનને પવિત્રતમ ઘોષિત કરતાં કહ્યું છે - નાસ્તિ વિદ્યાસમં ચક્ષુ : અર્થાત્ વિદ્યા જેવું કોઈ બીજું નેત્ર નથી-પ્રો. (ડો.) ચેતન ત્રિવેદી, કુલપતિ



જૂનાગઢ, તા.૩૦

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં ગુજરાતી ભવન દ્વારા ભારતીય સંસ્કૃતિમાં ૧૬ સંસ્કારની વિભાવના વિષયે નવી દિલ્હી ખાતેની શ્રી લાલબહાદુર શાસ્ત્રી વિશ્વવિદ્યાલયનાં સાંખ્યયોગ અને યોગ વિજ્ઞાન વિભાગનાં અધ્યક્ષ પ્રો.(ડો.) માર્કંડેયનાથ તિવારીની વડપણ તળે વ્યાખ્યાન યોજાયું હતું.

આ વ્યાખ્યાનનાં વિષય તજજ્ઞ પ્રો.(ડો.) માર્કંડેયનાથ તિવારીએ ભક્તકવિ નરસિ;હ મહેતા યુનિ.નાં ગુજરાતી ભવનમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સાંખ્યયોગ અને યોગવિજ્ઞાનની મહત્તા સમજાવી જણાવ્યુ હતુ કે જ્ઞાન, ચરિત્ર અને સંસ્કૃતિના ત્રિવેણી સંગમથી જ શિક્ષણ તીર્થરાજ પ્રયાગ બને છે. જ્ઞાનાર્જનની પ્રક્રિયાને જ શિક્ષણ કહેવાય. જીવનનું તમસ દૂર કરે તેનું નામ વિદ્યા. જીવન સંસ્કૃતિમય ત્યારે જ બને જ્યારે શિક્ષણ સંસ્કૃતિનો બોધ કરે. સંસ્કૃતિનાં મૂલ્યો જીવનમાં તાણાવાણાની જેમ ત્યારે જ વણાય જ્યારે શિક્ષણની સંરચના સંસ્કૃતિને અનુરૂપ હોય.સંસ્કૃતિ અને શિક્ષણનો અદ્ભુત સંબંધ છે. એમને એકમેકથી જુદા ન પાડી શકાય, ભારતિય સંસ્કૃતિમાંવણાયેલી લગભગ દરેક ક્રિયા કે સંસ્કાર વિધિમાં વપરાતી વસ્તુઓનું વૈજ્ઞાનિક કારણ પણ છે જેના કારણે ભારતિયતા સતત વિકસી રહી છે. સદીઓ વીતી ગઈ છે અને આજે પણ વ્યાસ સ્મૃતિમાં ૧૬સંસ્કારોનો ઉલ્લેખ છે. ભગવદગોમંડળમાં પણ સોળ સંસ્કાર ઉલ્લેખિત છે. પ્રાચીન સમયમાં બાળકોને ગુરુકુળમાં શિક્ષણ આપવામાં આવતું હતું. તે શિક્ષણમાં સોળ સંસ્કારોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. મૂળ સોળ સંસ્કારો હેઠળ, મનુષ્યના જીવનને ગર્ભધારણના સમયથી મૃત્યુ સુધીના ૧૬કર્તવ્યોમાં વહેંચવામાં આવ્યું છે. ગર્ભાધાન, પુંસવન, સીમંતોન્નયન, વિષ્ણુબલિ, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, ચૌલ, ઉપનયન, વેદવ્રતચતુષ્ટય, સમાવર્તન અને વિવાહ. 'સ્મૃતિચંદ્રિકા' અનુસાર ગર્ભાધાન, પુંસવન, સીમન્ત, જાતકર્મ, નામકરણ, અન્નપ્રાશન, ચૌલ, મૌંજિબંધન (ઉપનયન) વ્રત, ગોદાન, સમાવર્તન, વિવાહ અને અંત્યેદષ્ટિ આમ માનવ જીવનને પથ પુરો પાડે છે. આ વ્યાખ્યાનમાળાને શુભેચ્છા સંદેશો પાઠવતા ભક્તકવિ નરસીંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ જૂનાગઢનાં પ્રતિભાવંત યુવાઓને શાસ્ત્રીય રીતે ૧૬ સંસ્કારોનું મહત્વ સમજાવવા બદલ પ્રો.(ડો.) માર્કંડેયનાથ તિવારીને ધન્યવાદ પાઠવી જણાવ્યુ હતુ કે સંસ્કૃતિ રાષ્ટ્રનો આત્મા છે, રાષ્ટ્રનું અસ્તિત્વ છે. સંસ્કૃતિ રાષ્ટ્રની અસ્મિતા છે અને ઓળખાણ છે. એવી જ રીતે શિક્ષણ મનુષ્યને ઘડનારું તત્ત્વ છે. મનુષ્યને સાચા અર્થમાં મનુષ્ય બનાવવાનું કામ શિક્ષણ કરે છે. શિક્ષણ અને સંસ્કાર એક સિક્કાની બે બાજુ જેવા છે, એકબીજાને પૂરક અને પોષક છે. શિક્ષણ મનુષ્યને સંસ્કારી બનાવે છે, સંસ્કૃતિ રાષ્ટ્રની ઓળખ છે. વાસ્તવમાં સંસ્કારની વ્યાપ્તિ જ સંસ્કૃતિ છે. વ્યક્તિ વ્યક્તિ મળીને સમાજ બને છે, તો વ્યક્તિ વ્યક્તિના સંસ્કાર મળી સંસ્કૃતિ બને છે. ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણને પવિત્રતમ પ્રક્રિયા માનવામાં આવી છે. ગીતામાં શ્રીકૃષ્ણે જ્ઞાનને પવિત્રતમ ઘોષિત કરતાં કહ્યું છે - નાસ્તિ વિદ્યાસમં ચક્ષુઃ. અર્થાત્ વિદ્યા જેવું કોઈ બીજું નેત્ર નથી. ભારતીય દર્શનમાં અજ્ઞાનને અંધકાર અને જ્ઞાનને પ્રકાશ માનવામાં આવ્યો છે. શિક્ષણ પ્રકાશ છે. અંધકારથી પ્રકાશ તરફ લઈ જવું એ શિક્ષણનું મુખ્ય કાર્ય છે.ભારતીય દર્શન સ્પષ્ટપણે માને છે કે શિક્ષણનો પાયો અધ્યાત્મ છે. માટે એવું પણ સ્પષ્ટપણે સમજાય છે કે ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંબંધ આત્મિક જ હોઈ શકે.

કાર્યક્રમનાં પ્રારંભે ગુજરાતી ભવનનાં વડા પ્રો.(ડો.) વિશાલ જોષીએ વિષય નિષ્ણાંત વ્યાખ્યાનકાર ડો. તિવારીનો પરિચય કરાવી સૌને આવકાર્યા હતા. કાર્યક્રમમાં ડો. રમેશ ચૌહાણ, ડો.લલીત પરમાર સહિત યુનિનાં છાત્રો અને અભ્યાપકગણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગનાં ડો. પારૂલબેન ભંડેરીએ અને આભારદર્શન કિશોરસિંહ વાળાએ સંભાળ્યુ હતુ.

# યાત્રાધામ દ્વારકામાં તંત્ર દ્વારા લારીઓ કાચા ઝુપડાઓના દબાણો હટાવી સંતોષ માન્યો

## જગત મંદિર આસપાસ તેમજ શહેરના હાઈવે ટચ સરકારી લાખો ફુટ જગ્યા ઉપર ભુમાફિયાના પાકા દબાણો કયારે દુર કરશે તંત્ર



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૩૦

યાત્રાધામ દ્વારકામાં છેલ્લા કેટલાક સમયથી ભુંમાફીયા સરકારી પડતર જગ્યા ઉપર પથ્થરો નાખી ધિમેધિમે કબજો જમાવ્યા મંડ્યા છે. અમુક ભુમાફીયાઓએ તો સરકારી જગ્યામાં બંગલા તેમજ પાકા બાંધકામો કરી શોરૂમો કરી ભાડે પણ દેઈ દિધા હોવાનું શહેરમાં ચર્ચાય રહ્યું છે. સરકારી લાખો ફુટ જગ્યા જેની કિમત કરોડો રૂપિયા થાય તે તંત્રને ધ્યાને આવ્તું નથી ? તંત્ર માત્ર નાના વ્યતિઓ જે ઝુપડપટી અને લારીઓ વારાને હટાવી ડીમોલેશનથી કામગીરી બતાવી રહ્યું છે. દ્વારકામાં બે દિવસ થયા એસડીએમ અને પાલીકા તંત્ર પોલીસની સયૂક્ત ટીમે ગત સાંજે સુદામાંસેતુ પાસે ઉભતા લારી ગલ્લા વારાઓને હટાવી જગ્યા ખુલ્લી કરી હતી. તેમજ આજ સવારથી દ્વારકાના હાઈવે ઈસ્કોનગેટથી રબારીગેટ તરફ રસ્તે ફુટપારી ઉપર ચરો માટલા તેમજ અન્ય કપડાના સ્ટોલો હતા તેઓને હટાવા સુચનાઓ આપી હતી. જેઓએ સ્વચ્છાએ નતા હટાવ્યા તેઓના કાચા ઝુપડાઓ અને મંડપો જેસીબી દ્વારા ડીમોલેશન કરી જગ્યા ખુલ્લી કરી હતી. તેમજ પીવીએમ ગલ્સ સ્કુલ થી મામલતદાર ઓફિસ તરફ જવાના રસ્તે ભિક્ષુંકો કાચા ઝુંપડા બનાવી વસવાટ કરતા હતા તેઓના ઝુંપડા તંત્ર દ્વારા હટાવ્યા હતા. હાલતો ભિક્ષુંકો ઝુંપડા પડી ગયેલ હોવાથી કડકડતી ઠંડીમાં ભિક્ષુંકો રણાકના આસરાવિના અધિરા બની ગયા છે. ઉલ્લેખીયન છેકે દ્વારકા શહેરમાં તંત્રએ જ્યારે જ્યારે ડીમોલેશની કામગીરી હાથ ધરી ત્યારે કાચા ઝુંપડ પટીમાં રહેતા નાના ગરીબ માણસો અને લારી ગલ્લા વારાઓને જ ટાર્ગેડ કર્યા છે. જગત મંદિર આસપાસ તેમજ શહેરમાં તેમજ હાઈવે ઉપર અનેક મસ મોટા દબાણો પણ છે. ત્યારે તંત્રના બેવાળા ધોરણોથી નાનાં ગરીબ લોકોનો જ ભોગ બની રહ્યા છે. શહેરમાં સરકારી લાખો ફુટ જગ્યામાં ભુમાફિઓએ દબાણો કરેલ છે. તેના ઉપર તંત્ર ક્યારે એકશન લેશે તે જોવાનું રહ્યું.

# ડૉ. હરિભાઈ ગોધાણી કેમ્પસમાં વાર્ષિકોત્સવ ઉજવાયો



જૂનાગઢ, તા.૩૦

જોષીપુરા-જૂનાગઢ ખાતેના ડો. હરિભાઈ ગોધાણી કેમ્પસમાં વાર્ષિકોત્સવની ઉજવણી કરી હતી. પ્રારંભમાં કૃષિ યુનિ. જૂનાગઢના વાઈસ ચાન્સેલર ડૉ. વી. પી. ચોવટીયા તથા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. જૂનાગઢના વાઈસ ચાન્સેલર ડો. ચેતન ત્રિવેદી હાજર રહ્યા હતા તેમણે ગત વર્ષના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. બાદમાં સંસ્થાના ચેરમેન-મેનેજીંગ ટ્રસ્ટી જે. કે. ઠેસિયા તથા ટ્રસ્ટી મંડળ દ્વારા છાત્રોને વિશિષ્ટ સન્માન દ્વારા પ્રોત્સાહિત કરાયા હતા. આ વાર્ષિકોત્સવમાં કેજીથી કોલેજ સુધીના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની ઝલક રજુ કરી હતી તથા પ્રાચીન ચલણી સિક્કાનું પ્રદર્શન પણ યોજાયું હતું. વાર્ષિકોત્સવમાં ટ્રાન્સફોરમેશનલ સ્પીકર મનીષભાઈ વઘાસિયાએ સ્વપનાનું વાવેતર તથા સ્પર્શ નામના કાર્યક્રમથી વિદ્યાર્થીઓને માહિતગાર કરેલ અને અંતમાં કાર્યક્રમના અધ્યક્ષ જોઈન્ટ મેજેનીગ ટ્રસ્ટી મૃણાલીનીબેન એચ. ગોધાણી, સંસ્થાના ચેરમેન-મેનેજીંગ ટ્રસ્ટી જે. કે. ઠેસિયા , ટ્રસ્ટ મંડળના ટ્રસ્ટીઓ, કેમ્પસ ડાયરેક્ટર રાણપરીયા , શિક્ષણ નિયામક ડોબરીયા, વહીવટી અધિકારી ગજેરા, હોસ્ટેલ નિયામક રફાળીયા, શિક્ષકો તથા સહકર્મચારીઓએ વિદ્યાર્થીઓની મહેનત બિરદાવી બધાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# યાત્રાધામ દ્વારકામાં નાતાલના મિનિ વેકેશનમાં યાત્રિકોનું ઘોડાપુર

## છેલ્લા ચાર પાંચ દિવસથી વધતો જતો યાત્રિકોનો ઘસારો : નિવાસીની જગ્યામાં 'હાઉસફુલ' પાટિયા : ધંધાર્થીઓને ચાંદી ચાંદી



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૩૦

યાત્રાધામ દ્વારકામાં નાતાલના મિનિ વેકેસનમાં પ્રવાસીઓ, યાત્રિકોનો ઘસારો થયો છે. દ્વારકા શહેરની મોટા ભાગની હોટલો ગેસ્ટહાઉસ, રેસ્ટોરન્સ હાઉસફુલ જોવા મળી રહ્યા છે. શહેરના પાર્કિંગમાં પણ વાહનોથી ચિક્કાર ભરાયેલા જોવા મળી રહ્યા છે. ખાણી પીણીની લારીઓમાં પણ ભીડ જામી હતી. યાત્રિકોએ ગોમતી સ્નાન બાદ કાળિયા ઠાકોરના દર્શન કરી દ્વારકા પંચકુઇ દરિયાઈ બિચ વિસ્તાર, ભડકેશ્વર, દ્વારકા દર્શન,રૂક્ષમણી મંદિર, નાગેશ્વર, ગોપીતળાવ, બેટ દ્વારકા, શિવરાજપુર બિચ, જેવા વિસ્તારોમાં ફરવા નિકળ્યા હતા. બેટ દ્વારકા પણ જેટી પર યાત્રિકોની ભીડ જામી હતી. ઉપરાંત શહેરના ટ્રાફીકની વ્યવસ્થા જળવાય રહે તે માટે ઠેર ઠેર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

# જૂનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લી. દ્વારા સાંપ્રત વિકલાંગ સંસ્થાનાં બાળકોને ભોજન કરાવ્યું



જૂનાગઢ, તા.૩૦

શ્રી જૂનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લી. દ્વારા સંસ્થાનાં પ્રમુખ રસિલાબેન સોઢા, ઉપપ્રમુખ સાધનાબેન નિર્મળ, મેનેજર તન્વીબેન વૈષ્નવ દ્વારા સાંપ્રત એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ-જૂનાગઢનાં વિકલાંગ બાળકોની સાથે થોડો સમય ગાળવામાં આવેલ અને તેને ભોજન કરવામાં આવેલ હતું.



પક્ષમાં મોવડીઓ શિસ્તનું પાલન કરાવે અને ઘરમાં તું ! આમા મારે જાવું કયાં ?



તારા બનાવેલા આ સુગર ફ્રી અડદીયા ખાવા જતાં મારા દાંત તો નહીં પડી જાય ને ?

# ૨ લાખ રૂપિયાનામુદામા બેલા પથ્થર કટિંગ કાપવાની ચકરડી, ઈલે. મોટર જેવા યંત્રો જપ્ત કર્યા

(પ્રતિનિધિ દ્વારા)



ગોસા(ઘેડ), તા.૩૦

પોરબંદરના બરડા ડુંગર માં પર્યાવરણ અને પ્રકૃતિને નુકશાન નુકસાન મહોચડનાર અને ગેર કાયદેસર રીતે પથ્થર કટિંગ કરી ખનન કરતા રાતડી જંગલ વિસ્તારમાંથી પોરબંદર વન વિભાગે પેટ્રોલિંગ દરમ્યાન એક શખ્સને પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની વન વિભાગની પ્રેસ યાદીમાં જણાવ્યા મુજબ પોરબંદર વન વિભાગના નાયબ વન સંરક્ષક લોકેશ ભારદ્વાજ તથા એ. એસ. એફ. શુશ્રી રાજલબેન પાઠકના સિધ્ધા માર્ગદર્શન હેઠળ આર. એફ. ઓ. મલય મણિયારની ટીમ દ્વારા તા. ૨૭/૧૨/૨૦૨૪ ના રોજ પેટ્રોલિંગ હતા. તે દરમ્યાન પોરબંદરના બરડા વિસ્તારના રાણાવાવ રેંજના વિસવાડા રાઉન્ડની કાંટેલા બીટના રાતડી જંગલ વિસ્તારમાં ગેર કાયદેસર રીતે પ્રવેશ કરી બેલા પથ્થરનું ખનન કરનાર પુંજા લાખા કેશવાલા નામના ઈસમને પકડી પાડવામાં આવ્યો હતો. અને ભારતીય વન આધિનિયમ ૧૯૨૭ની કલમની જોગવાઈ મુજબ અંદાજીત રૂા. ૨ લાખ નામુદામાલ માં બેલા પથ્થર કાપવાની ચકરડી અને મોટર જેવા યંત્રો જપ્ત કરવામાં આવેલા અને આ ગુનો કરનાર પુંજા લાખા કેશવાલા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કામગીરીમાં અધિકારીઓ, કર્મચારીમાં ડી. સી. એફ.લોકેશ ભારદ્વાજ તથા એ. એસ. એફ. શુશ્રી રાજલબેન પાઠક, તથા આર. એફ. ઓ. મલય મણિયારની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# કેન્સર વિરુદ્ધની લડાઈમાં આશાનું કિરણ

લગભગ બે વર્ષથી યુક્રેન સાથે યુદ્ધ કરી રહેલા રશિયાથી એ સમાચાર આવવા દરેકને વિસ્મિત કરી દે તેવા છે કે તેણે કેન્સર જેવા ગંભીર દર્દ વિરુદ્ધ એક રસી વિકસિત કરી લીધીછે. તેનું એલાન ખુદ રશિયાના સ્વાસ્થ્ય મંત્રાલયના રેડિયોલોજી મેડિકલ રિસર્જ સેન્ટરે કર્યું છે. રશિયાના સરકારી મીડિયાથી મળેલા આ સમાચારની આરપાર જઈએ તો સવાલ ઊઠી શકે કે આ રસી કેટલી અસરદાર હશે? તેની અસલી પરીક્ષા ત્યારે જ થશે, જ્યારે બાકી દુનિયાને તેના પરીક્ષણનો મોકો મળશે. પરંતુ હાલના દાવા અનુસાર ૨૦૨૫થી આ રસી તમામ રશિયન નાગરિકો માટે મફતમાં ઉપલબ્ધ થઈ જશે. એ જોતાં કે ભારત સહિત દુનિયા લાંબા અરસા સુધી લગભગ જેની કોઈ સારવાર નથી એવું મનાતી અને પછી ઘણી જટિલ ચિકિત્સાના સહારે કંઈક હદે તેનાથી મુક્તિ મળવા લાગી છે, અહીં પહેલો સવાર રસીની વિશ્વસનીયતાનો જ ઉઠી શકે છે. એક તરફ જ્યાં આપણા દેશમાં પૂર્વ ક્રિકેટર નવજોત સિંહ સિદ્ધુ હાલમાં જ પોતાની પત્નીની ભોજનશૈલી બદલીને પ્રભાવી આયુર્વેદિક સારવારનો દાવો કરી ચૂક્યા છે, લોકો પૂછી શકે છે કે શું રશિયન રસી એટલી ભરોસેમંદ હશે કે જો તે અહીં ઉપલબ્ધ થઈ તો આંખો મીંચીને લઈ શકાય?આ સંદર્ભે એક ઉદાહરણ આપવું જરૂરી છે. કોવિડ-૧૯ મહામારીના ઝડપી વૈશ્વિક પ્રસાર દરમ્યાન રશિયાએ 'સ્પુતનિક-વી' રસીનું નિર્માણ કર્યું હતું, તો ખુદ સૌથી પહેલાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને એ રસી લીધી હતી. બની શકે કે આ વખતે પણ પુતિન એવો જ કોઈ કરિશ્મા કરે અને ત્યારે દુનિયા એના પર વિશ્વાસ કરવા લાગે કે અસાધ્ય કહેવાતા કેન્સરની બીમારીનો આસાન તોડ આખરે મળી ગયો છે. જોકે અહીં ઉલ્લેખનીય છેકે એક શોધ સમાચાર વેબસાઈટ 'ધ સાયન્ટિસ્ટ' અનુસાર લગભગ દોઢ દાયકા પહેલાં ન્યૂયોર્ક સ્થિત બાયોટેક કંપનીએ એપ્રિલ, ૨૦૦૮માં ઘોષણા કરી દીધી હતી કે તેને રશિયામાં પહેલી ચિકિત્સકીય કેન્સર વેકસીન બનાવવાની મંજૂરી મળી ગઈ છે. તેને કોઈ દેશના કેન્સર રોકથામ નિયામક દ્વારા આપવામાં આવેલ પહેલી મંજૂરી માનવામાં આવી હતી. જોકે, બાદના બે દાયકાના અંતરાલમાં એ ખબર ન પડી શકી કે કેન્સર રસીના વિકાસનું કામ કેટલે પહોંચ્યું? પરંતુ આ જ વર્ષે ફેબ્રુઆરી, ૨૦૨૪માં મોસ્કો ફોરમ ઓન ફ્યૂચર ટેક્નોલોજી પ્રોગ્રામ દરમ્યાન રશિયન રાષ્ટ્રપતિ પુતિને આશ્વાસન આપ્યું હતું કે તેના વૈજ્ઞાનિક જલ્દી દુનિયાને કેન્સરની રસી ઉપલબ્ધ કરાવી દેશે. જોકે હજુ એ સ્પષ્ટ નથી કે આ રસી રશિયાની બહાર ક્યારથી મળશે અને કેન્સરના કયા પ્રકારોની રોકથામ કરશે. જ્યાં સુધી આ રસીના નિર્માણની પ્રક્રિયાની વાત છે, તો તે એમઆરએનએ (આ એક અણુ છે જે ડીએનએથી વિશિષ્ટ નિર્દેશ પ્રાપ્ત કરે છે) પ્રકારની રસી છે. અસલમાં આ પ્રકારની પારંપરિક રસી બનાવવામાં બીમારીની રોકથામ માટે એ જ વાયરસ કે દર્દના રોગાણુંઓનો ઉપયોગ કરવામાં આવે છે, જેનાથી ખુદ તે બીમારી પેદા થાય છે. અંતર માત્ર એટલું છે કે એવું કરતી વખતે કેન્સર કોશિકાઓની સપાટી પરથી એ હાનિરહિત પ્રોટીનને ઉઠાવને અલગ કરવામાં આવે છે, જેમને એન્ટીજન રૂપે ઓળખવામાં આવે છે. આ એન્ટીજન રસીના નિર્માણની પ્રક્રિયામાં ચિકિત્સકીય પરીક્ષણ દરમ્યાન માનવ શરીરમાં પ્રવિષ્ટ કરાવવામાં આવે છે અને ત્યારે તેના સહારે બીમારી વિરુદ્ધ કારગત એન્ટીબોડી વિકસિત કરવા માટે શરીરની પ્રતિરક્ષા પ્રણાલીને ઉત્તેજિત કરવામાં આવે છે. એમઆરએનએ રસીમા સંદેશવાહકની ભૂમિકામાં આવેલા આરએનએના એક નાના ટુકડાનો ઉપયોગ કરવામાં આવે છે, જેનાથી શરીરની કોશિકાઓને કેન્સર કોશિકાઓ સંબંધિત એક વિશિષ્ટ પ્રોટીનનું ઉત્પાદન કરવાના નિર્દેશ મળે છે. યાદ રહે કે કોવિડ મહામારી સામે લડવા માટે ઉપયોગમાં લેવામાં આવેલ વેક્સીન કોવિશિલ્ડ આ જ પ્રકારની રસી હતી.

જોકે કેન્સરથી બચાવ અને તેને અટકાવવાની દિશામાં રસી બનાવવાની કોશિશ કરનારા દેશ રૂપે રશિયા એકલું જ નથી. બ્રિટન અને જર્મની સહિત કેટલાય અન્ય દેશોમાં બાયોટેક કંપનીઓ કેન્સર વિરુદ્ધ કારગત દવાઓ અને રસી વિકસિત કરવામાં તનતોડ મહેનત કરી રહી છે. જેમ બ્રિટિશ સરકાર જર્મનીની મશહૂર ફાર્મા કંપની બાયોનટેક સાથે મળીને કેન્સરના ઉપચાર માટે વેક્સીનનું ક્લિનિકલ ટ્રાયલ કરી રહી છે. આશા છે કે ૨૦૩૦ સુધી લગભગ ૧૦ હજાર કેન્સર દર્દીઓ લાભાન્વિત થઈ શકે છે. આ તરફ અમેરિકાની મોડર્ના અને મર્ક ફાર્મા કંપની ત્વચા કેન્સરની એક પ્રાયોગિક રસી પર કામ કરી રહી છે, જેના શરૂઆતી પરિણામો સકારાત્મક કહેવામાં આવે છે. અધ્યયન સાથે જોડાયેલા દાવા અનુસાર આ રસીએ ત્રણ વર્ષની સારવાર બાદ ત્વચા કેન્સરના એક ઘાતક રૂપ - મેલેનોમાને કારણે થનારા મોતોની આશંકાને ઘટાડીને અડધી કરી દીધી છે. આ રસી ઉપરાંત છ અન્ય કેન્સર રસીઓ પર પણ કામ ચાલી રહ્યું છે, જે હ્યુમન પેપિલોમા વાયરસ (એચપીવી)ને અટકાવી શકે છે. આ રસી સર્વિકલ (ગર્ભાશય) કેન્સર સહિત કેટલાક અન્ય પ્રકારના કેન્સર રોગોથી બચાવ કરી શકે છે. વધુ એક ઉદાહરણ કેન્સરની એઓએચ૧૯૯૬ નામની દવાના માનવ પરીક્ષણનું છે, જે ગયા વર્ષે સપ્ટેમ્બર ૨૦૨૩થી અમેરિકામાં શરૂ કરવામાં આવ્યું છે. આ દવાનું નામ ૧૯૯૬માં જન્મેલી છોકરી આના ઓલિવિયા હિલીથી પ્રેરિત છે, જેને ન્યૂરોબ્લાસ્ટોમા નામનું બાળકોને થનારું કેન્સર હતું અને એનાથી ૨૦૦૫માં નવ વર્ષની ઉંમરમાં તેનું મોત થઈ ગયું હતું. પેટ, છાતી અને ગળાનાં હાડકાંમાં થનારા કેન્સરથી બચાવ અને અટકાવવામાં મદદગાર આ દવાનું નામ ઓલિવિયાને શ્રદ્ધાંજલિ રૂપે રાખવામાં આવ્યું છે. વૈજ્ઞાનિકોનો દાવો છે કે આ દવા શરીરની સ્વસ્થ કોશિકાઓને નુકસાન પહોંચાડ્યા વિના જ કેન્સરના ટ્યૂમરને મૂળમાંથી ખતમ કરી શકે છે.

કેન્સર વિરુદ્ધ રશિયન રસીને ભારતમાં મોટી આશાથી જોવાનું મોટં કારણ આ દેશનું કેન્સરની રાજધાની બનતા જવાનું છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબ્લ્યુએચઓ) નાં અનુમાનો અનુસાર ભારતમાં પ્રત્યેક ૧૦ ભારતીયોમાંથી ૧ને પોતાના જીવનકાળમાં કેન્સર વિકસિત થવાની આશંકા છે, જે એક ગંભીર બાબત છે. ભારતીય ચિકિત્સા સંશોધન પરિષદ - રાષ્ટ્રીય કેન્સર રજિસ્ટ્રી કાર્યક્રમનું આકલન જણાવે છે કે ૨૦૨૨માં ભારતમાં કેન્સરના કેસોની સંખ્યા ૧૪ લાખથી પણ વધારે હતી, જે હવે ૨૦૨૫માં વધીને ૧૫.૭ લાખ થઈ જવાની આશંકા છે. ૨૦૨૨માં કેન્સરના જે નવા કેસોસ ામે આવ્યા હતા, તેમાંથી ૭.૨૨ લાખ મહિલાઓમાં જ્યારે ૬.૯૧ લાખ પુરુષોમાં કોઈને કોઈ કેન્સર જોવા મળ્યું. ભારતમાં ૨૦૨૨માં ૯.૧૬ લાખ દર્દીઓનું કેન્સરથી મોત થયું. આ આંકડા ભારતમાં કેન્સર રોગની વૈશ્વિક રાજધાની સાબિત કરે છે. સ્વાસ્થ્ય જર્નલ - ધ લાન્સેટના શોધકર્તાઓએ જોયું છે કે દર વર્ષે તમાકુના સેવનથી ભારત, ચીન, બ્રિટન, બ્રાઝિલ, રશિયા, અમેરિકા અને દિક્ષણ આફ્રિકામાં જ ૧૩ લાખ મોત થાય છે. આ સંખ્યા કુલ કેન્સર મોતની અડધી છે. જોકે તેનું એકલું ગંભીર પીડિત ભારત નથી. દુનિયામાં દર છઠ્ઠા મોત માટે કેન્સરને જવાબદાર માનવામાં આવે છે. તેમાં અમીર-ગરીબનો ફર્ક પણ નથી. આ જ વર્ષની શરૂઆતમાં બ્રિટનના ૭૫ વર્ષીય રાજા ચાર્લ્સ કેન્સરગ્રસ્ત હોવાની ખબર પડી છે. એવામાં રશિયન રસી ભારત સહિત આખી દુનિયાને મળી શકે તો તેના સહારે રશિયાના સોફ્ટ પાવરમાં થયેલો વધારો દરેકને તેના પ્રશંસક બનાવી શકે છે.

# ગીરનાર પર્વત પર એવો ભારે પવન ફૂંકાયો કે આસપાસના ઉડ્યા પતરા

## હાલ સવારે અને સાંજ પછીના સમયમાં લોકોને હાડ થીજવતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે



જૂનાગઢ,તા.૩૦

રાજ્યમાં કમોસમી વરસાદની સાથે હાલ ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે. ત્યારે ગિરનાર પર્વત પર પ્રતિ કલાક ૬૦ કિ.મીની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. જેથી પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને રોપ વે બંધ કરવામાં આવ્યો છે. પ્રવાસીઓ ગિરનારની સીડીઓ ચડવા મજબૂર થઈ રહ્યા છે. આજે આખો દિવસ રોપ-વે સેવા બંધ રહે તેવી શક્યતા વ્યકત કરવામાં આવી છે. જેના કારણે પ્રવાસીઓ હાલાકીનો સામનો કરી શકે છે. જૂનાગઢ જિલ્લાના ગીરનાર રોપ-વે બંધ કરાયો છે. ભારે પવનને લઈ સૌથી મોટો નિર્ણય લેવાયો છે. ગીરનાર પર્વત પર ૬૦ કિમીથી વધુ ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. યાત્રિકોની સલામતીને ધ્યાનમાં રાખી આ નિર્ણય લેવાયો છે. પવનની ગતિ સામાન્ય થયા બાદ રોપ-વે ફરી શરૂ કરાશે. ગિરનાર પર્વત પર આજ સવારથી જ પ્રવાસીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

માતાના દર્શને આવેલા લોકોને ભારે પવનના કારણે પગથિયાં ચડવા મજબૂર બન્યા છે. ત્યાં ચાલતો રોપ વે હાલ બંધ કરી દેવામાં આવ્યો છે. જો પવનની ગતિ નરમ પડશે તો જ રોપ વે શરૂ કરવામાં આવશે. પરંતુ રોપ વે શરૂ થાય તેવી શક્યતાઓ ઓછી દેખાઈ રહી છે.

ઉત્તર ભારતના પર્વતીય પ્રદેશોમાં હિમવર્ષા થઈ રહી છે તેને જોતા રાજ્યમાં ઠંડીનું જોર વધવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ત્યારે ગુજરાત હવામાન વિભાગે આગામી દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ૧થી ૨ ડિગ્રીનો વધારો થવાની સંભાવના વ્યક્ત કરી છે. હાલ સવારે અને સાંજ પછીના સમયમાં લોકોને હાડ થીજવતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. આવામાં, ઉત્તરાયણ નજીક આવે ત્યારે ફરી એકવાર ઠંડીનું જોર વધવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાતમાં હવામાન વિભાગની આગાહી પ્રમાણે ગુજરાતમાં હાલ માવઠાની આશંકા નથી. પરંતુ આગામી ત્રણ દિવસ ઠંડીમાં રાહત મળશે નહીં. આ સાથે ગુજરાતીઓ ઠંડા પવનનો પણ અનુભવ કરી રહ્યા છે. આપને જણાવીએ કે, ગુજરાતમાં ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે જેમાં પવનની ગતિ પણ મોટો ભાગ ભજવી રહી છે.

# રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના નિર્દેશ મુજબ લોધિકાના વિરવા ગામે ૨૦૦૦ ચો.મી. જમીન ઉપર થયેલા ગેરકાયદે દબાણો હટાવાયા

**આશરે રૂા.બે કરોડની કિંમતની સરકારી જમીન ખુલ્લી કરાવાઈ**





(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૩૦

રાજકોટ જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશીના નિર્દેશ મુજબ જિલ્લામાં ગેરકાયદે દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત લોધિકા તાલુકામાં મામલતદારની રાહબરીમાં વિરવા ગામે આશરે બે હજાર ચોરસ મીટર જમીન ઉપર થયેલા ગેરકાયદે દબાણ હટાવીને આશરે રૂપિયા બે કરોડની જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી. રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકાના વિરવા ગામમાં સરકારી ખરાબાની રેવન્યુ સ.નં.૭૧ ની આશરે ૨૦૦૦ ચો.મી. જમીનમાં અનઅધિકૃત દબાણ કરવામાં આવ્યું હતું. આથી જમીન મહેસુલ કાયદાની કલમ-૬૧ તથા ૨૦૨ હેઠળ તમામ દબાણદારોને અગાઉ નોટીસ બજવણી કરવામાં આવી હતી અને સરકારી જમીન ઉપરનો અનઅધિકૃત કબ્જો ખુલ્લો કરી આપવા જણાવવામાં આવ્યું હતું. આ દબાણ આજદિન સુધી દૂર થયા ના હતા. આથી જિલ્લા કલેકટરની સુચના તથા પ્રાંત અધિકારીના માર્ગદર્શન મુજબ, લોધીકા મામલતદારએ વિરવા ગામે દબાણ હટાવો કામગીરી શરૂ કરી હતી. જે અંતર્ગત આશરે રૂા.બે કરોડની કિંમતની આશરે ૨૦૦૦ ચો.મી. જેટલી સરકારી જમીન પરનું દબાણ પોલીસ બંદોબસ્ત સાથે રાખી દૂર કરાવ્યું હતું. સમગ્ર કામગીરી શાંતિપૂર્ણ રીતે કરવામાં આવી હતી.

# ગીર ગઢડામાં સરકારી વાહન ખિલખિલાટ વાનમાં ખાતરની થેલીઓ ભરાઈ

## ખ્યાતિકાંડ બાદ સગર્ભા મહિલાઓની સેવા માટે મુકેલ વાહનનો દુરૂપયોગ થયાનો વીડિયો વાયરલ થયો

ગીર ગઢડા તા.૩૦

ગીર ગઢડામાં સરકારી વાહન 'ખિલખિલાટ વાન'માં ખાતરની થેલીઓ ભરાઈ. રાજ્ય સરકાર દ્વારા સગર્ભા મહિલાઓની સેવા માટે ખિલખિલાટ વાન સેવાનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો. પરંતુ ગીર ગઢડામાં ખિલખિલાટ વાન વાહનનો દુરુપયોગ થતો જોવા મળ્યો.

સગર્ભા મહિલાને બદલે ખિલખિલાટ વાનમાં ખાતરની થેલીઓનું વહન થઈ રહ્યું છે. સરકારી વાહન ખિલખિલાટ વાનનો દુરુઉપયોગ થતો હોવાનો એક વીડિયો વાયરલ થયો છે. આ વીડિયોએ ખળભળાટ મચાવતા તંત્રની ચિંતા વધારી છે. રાજ્યમાં મોટા શહેરો સિવાયના ગ્રામીણ અને છેવાડાના વિસ્તારોને વધુ સુવિધા આપવા સરકાર નવી યોજનાઓ અને સેવા પૂરી પાડતી હોય છે. પરંતુ સરકારી સેવાનો દુરુપયોગ થયાના અનેક કિસ્સાઓ અને કૌભાંડો સામે આવી રહ્યા છે. ખ્યાતિકાંડ બાદ સગર્ભા મહિલાઓની સેવા માટે મુકેલ વાહનનો દુરુપયોગ થયાનો વીડિયો વાયરલ થયો. આ વીડિયોમાં દેખાય છે કે સરકારી વાહનમાં ખાતરની થેલીઓ લઈ જવામાં આવે છે. ખિલખિલાટ વાનમાં ખાતરની થેલીઓ ઠાલવાતો વાયરલ વીડિયોથી સવાલ થાય છે કે શું સરકારને નઘરોળ કામગીરીની જાણ નથી. કે પછી આ મામલે આખ આંડા કાન કરવામાં આવી રહ્યા છે.

ખિલખિલાટ વાનનો વાયરલ વીડિયો જોઈ સવાલ થાય છે કે સરકારને લોકોના આરોગ્યની ચિંતા નથી, પરંતુ ખાતરની ખરેખર ચિંતા છે ! શું આરોગ્ય વિભાગને ખાતર ભરવા "ખિલખિલાટ વાન" આપી છે ? અને જો સરકારી અધિકારીઓને જાણ બહાર આ પ્રવૃત્તિ થતી હોય તો શું વાન ચાલક અંગત ઉપયોગ માટે આવા સરકારી વાહનનો ઉપયોગ કરી શકે છેપ? ખિલખિલાટ વાનના વાયરલ વીડિયોએ અનેક સવાલ પેદા કર્યા છે. આ વીડિયો બાદ આરોગ્ય વિભાગ યોગ્ય પગલાં લેશે કે નહી?

રાજ્ય સરકાર આરોગ્ય સંસ્થાઓમાં સગર્ભા બહેનો, ધાત્રી માતાઓ અને બાળકોને શ્રેષ્ઠત્તમ આરોગ્ય સેવાઓ આપવાના ઉમદા હેતુ સાથે ખિલખિલાટ વાહનોની સેવા શરૂ કરવામાં આવી હતી. જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ હેઠળ સપ્ટેમ્બર ૨૦૧૨ થી સગર્ભા બહેનો તથા ધાત્રી માતાઓ માટે ખિલખિલાટ વાહનોની સેવા શરૂ કરવામાં આવી હતી. આ પહેલનો ઉદેશ્ય સર્ગભા બહેનોને સુરક્ષા અને બાળમૃત્યુ દરમાં ઘટાડો કરવાનો છે. પરંતુ સરકારી વાહનોનો દુરુપયોગ થઈ રહ્યો છે તેની સરકારને પોતાના પણ જાણ નથી.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ઉત્સાહ વિના ક્યારે ઉચ્ચ લક્ષ્યની પ્રાપ્તિ થતી નથી.

- એમર્સન

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.અમરદાદ-૧૩૯૪, મુ. જમાદુલ આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, માગસર વદ-૩૦ દર્શ અમાસ, સોમવતી અમાસ, પાવાગઢ યાત્રા, કાલબા દેવી યાત્રા (મુંબઈ) તા.૩૦ ડિસેમ્બર ૨૦૨૪, સોમવાર, પારસી તા.૧૮, મુસ્લિમ તા.૨૮, મૂળ નક્ષત્ર, વૃધ્ધિ યોગ, ચતુષ્પાદ કરણ, સૂ.ઉ.૭ઃ૩૩, સૂ.અ.૬ઃ૧૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૩૦-૧૨-૨૦૨૪ થી ૦૫-૦૧-૨૦૨૫ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

પારિવારીક મદદથી અગત્યના કાર્યમાં સફળતા મળેવી શકશો. જીવનસાથી પ્રત્યે વિશેષ લગાવ રહે. સામાજિક કાર્યમાં સફળતા મળે. અકારણ વિવાદથી દૂર રહેવું. મન પ્રફુલ્લિત રહે. નવિન આનંદદાયક સમાચાર મળે. શત્રુ વર્ગ નિર્બળ બને. જો કોઈ સમસ્યા હોય તો તેનું સમાધાન થાયે તેવો સમય છે. આરોગ્ય અંગે સાવચેતી રાખવા જેવો સમય છે. આ સમય દરમિયાન મુસાફરી ટાળવી હિતાવહ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

મનની મુરાદ પૂરી થાય. અતિ મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. ધીરજપૂર્વક આગળ વધવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રવાસ ઉત્સાહસભર પૂર્ણ કરી શકશો. ભાવાત્મક પીડા અનુભવાય. સંપત્તિને લગતા કાર્યોમાં ઉત્તરોત્તર પ્રગત્તિ કરી શકશો. માનસિક તનાવમાંથી મૂક્તિ મળે. અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. કલા-સાહિત્ય ક્ષેત્રે વિશેષ લગાવ રહે. મનની મીઠી મૂંઝવણ દૂર કરી શકશો.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન તંદુરસ્તી બાબતે ખાસ સાવચેત રહેવું. નાણાંકીય રોકાણકારોએ પ્રતિકૂળ સમય હોઈ શક્ય હોય તેટલું રોકાણ ટાળવું. ભાઈ-બહેનના સહકારથી કાર્ય સફળતાથી પાર પાડી શકશો. જો કે, દામ્પત્ય જીવનમાં મતભેદ રહે. આર્થિક સમસ્યા હળવી થશે. અટકી પડેલા કાર્યો પૂર્ણ કરી શકશો. નોકરીયાત વર્ગને આકસ્મીક લાભ થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. અકસ્માતથી સંભાળવું.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન સંતાન સંબંધિ ચિંતા રહે. પારિવારીક સમસ્યા પ્રબળ બને. હરિફવર્ગને પીછેહટ કરવી પડે. જૂના સંબંધિઓની મદદ મળે. મહત્વનાના નિર્ણયો આ સપ્તાહ દરમિયાન મોકુફ રાખવા હિતાવહ. યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. વ્યાપાર-ધંધામાં વૃધ્ધિ થશે. આવક સંબંધિ નવા માર્ગો ખૂલ્લે. મનની મૂંઝવણ દૂર કરી શકશો. નાનો આકસ્મીક આર્થિક ખર્ચનો પ્રસંગ બને. યાત્રા-પ્રવાસ ટાળવો હિતાવહ.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન થોડી આર્થિક મૂંઝવણ અનુભવાય. નોકરીયાત વર્ગ માટે બઢતી-બદલીના યોગ સર્જાય. વ્યાપારી વર્ગ માટે મધ્યમ સમય. હિતશત્રુઓથી સાવચેતી રાખવી હિતાવહ. માંગલિક કાર્ય માટે આયોજન થાય. આરોગ્ય બાબતે આ સપ્તાહે ખાસ ચિંતા જેવું નથી. તમે કરેલું આયોજન ગુપ્તતાપૂર્વક પરા પાડવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. કાર્યબોજમાં વધારો જોવા મળે. જો કે, તેનું શુભ ફળ પણ મેળવી શકશો.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ શુભ ફળદાયી નીવડે. અટકી પડેલા કાર્યમાં મંદગતિ રહે. સંતાન વર્ગ બાબતની ચિંતા રહે. અકારણ મનમાં ચિંતા અનુભવાય. મુસાફરીનું આકસ્મીક આયોજન નકારી ન શકાય. મિત્રો-સ્નેહિજનો સાથે સારો લાભ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં સફળતા મળે તેમજ યશ, વૃધ્ધિ પણ થાય.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

સપ્તાહની શરૂઆતમાં નાણાંકિય તંગી અનુભવાય. આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું નહિંતર પીછેહટ કરવાનો વખત આવે. બૌધિક કાર્યમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. રાજકીય બાબતોને લગતા કાર્યમાં સાવચેતી રાખવી. હિતશત્રુઓ સ્વમાન ભંગ માટે પ્રયત્નશીલ બને પરંતુ દાળ ગળે નહિં.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન નવી ઓળખાણો લાભદાયી નીવડે તેમજ જૂની ઓળખાણો પણ સફળતા માટે મદદરૂપ નીવડે. વડીલ વર્ગ સાથે મનદુઃખ ઊભું થાય પણ પાછળથી સુલેહ થઈ જાય. અધિકારી વર્ગ સાથે ચકમક ઝરે. જોખમી કાર્યો ટાળવા હિતાવહ. નાણાંકીય લાભ મેળવી શકશો. આકસ્મીક ધન લાભ થાય. પ્રિયજન સાથે વિશેષ લગાવ રહે. વાણી સંયમ જાળવવો હિતાવહ.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન સામાજિક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. માનસિક મૂંઝવણ દૂર કરી શકશો. સંતાન સંબંધિ ચિંતા દૂર થાય. મનની પ્રસન્નતામાં વધારો થાય. માંગલિક કાર્યો અંગે ગોઠવણ થાય. દોડા-દોડીમાં ઘટાડો થાય. ક્રોધ ઉપર કાબુ રાખવો. નવી મોજ શોખની વસ્તુની ખરીદી નકારી ન શકાય. અલબત્ત ખાવા-પીવા અને આનંદ-પ્રમોદ પાછળ નાણું વપરાય તેવા યોગ છે. આકસ્મીક પ્રવાસનું આયોજન થાય.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ જરા સંઘર્ષસભર વ્યતિત થાય. ખાસ તો કાર્યબોજ વિશેષ રહે જેથી માનસિક ટેન્શન અને અકારણ ક્રોધના ભોગ ન બની જવાય તે માટે ખાસ સાવચેતી રાખવી નહિંતર પાછળથી પસ્તાવવાનો વખત આવે. આત્મવિશ્વાસ અને પુરૂષાર્થથી આ સમય દરમિયાન પ્રગતિ કરી શકશો. પડવા-વાગવાથી સંભાળવું. પરોપકારને લગતા કાર્યો ટાળવા નહિંતર પીડા વેઠવી પડે. ગુપ્ત ષડયંત્રના ભોગ ન બનો તેની ખાસ તકેદારી રાખવી.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સમય તમારા માટે મધ્યમ અને મિશ્ર ફળદાયી નીવડે. નવિન મકાન, વાહન આદિની ખરીદીના યોગ છે. રચનાત્મક કાર્યમાં રૂચિ વધે. આપત્તિ ટળે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય. આમોદ પ્રમોદમાં અધિક્તા રહે. લગન અને મહેનતથી અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. નવિન ખરીદી થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યો વિલંબમાં પડે. ગૃહજીવનમાં આનંદ રહે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

કાર્યની અધિકતાને કારણે અત્યંત વ્યસ્ત રહેવાય. શત્રુપક્ષ પ્રબળ બને. અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. અકારણ ગુસ્સો રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય. જમીન સંબંધિત કાર્યમાં સફળતા મેળવી શકશો. કોઈ ગેરસમજનો ભોગ ન બની જવાય તેની સાવચેતી રાખવી. પ્રવાસ-મુસાફરીમાં સફળતા મળે. ભાગીદારી વર્ગ સાથે મનદુઃખ રહે.

### રાજ્યનો ચર્ચાસ્પદ ખ્યાતિ હોસ્પિટલ કાંડનો મામલો

# આરોગ્ય વિભાગની PMJAY કચેરીના કર્મચારી સકંજામાં : બે અધિકારી સહિત ત્રણની ધરપકડ

## સંખ્યાબંધ ખોટા આયુષ્માન કાર્ડ અપ્રુવ કર્યા : ૧૦ દિવસ પહેલાં ઝડપાયેલ ગેંગ સાથે કનેકશન

અમદાવાદ, તા.૩૦

ચર્ચાસ્પદ એવા અમદાવાદના ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં **PMJAY** યોજના હેઠળ ખોટી રીતે ઓપરેશન કરી લીધાનું કૌભાંડ બહાર આવ્યું હતું અને પછી એવું ષડ્યંત્ર પણ બહાર આવ્યું હતું કે, ખ્યાતિ હોસ્પિટલમાંથી ખોટી રીતે અનેક લોકોનાં આયુષ્યમાન કાર્ડ પણ કઢાવી આપ્યાં છે. આ કૌભાંડની તપાસનો રેલો ગાંધીનગર આરોગ્ય વિભાગના **PMJAY** કચેરી સુધી પહોંચ્યો હતો. આ કચેરીના કર્મચારીઓ ક્રાઈમ બ્રાન્ચના રડારમાં હતા. અંતે ક્રાઈમ બ્રાન્ચે ગાંધીનગરથી આરોગ્ય વિભાગના કર્મચારી મિલાપપટેલની ધરપકડ કરી લીધી હતી. આ પ્રકરણમાં આરોગ્ય વિભાગના બે કર્મચારીઓની પૂછપરછ કરાયા બાદ તેઓની પણ ધરપકડ કરાઈ હતી. મોટો ઘટસ્ફોટ તો એ થયો છે કે, દસ દિવસ પહેલાં ખોટી રીતે આયુષ્યમાન કાર્ડ કાઢી આપતી ગેંગ પકડાઈ હતી. આ ત્રણેય આરોપીઓ તે ગેંગ સાથે પણ સંડોવાયેલી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. ખ્યાતિકાંડની તપાસના તાર અંતે **PMJAY** કચેરી સુધી પહોંચ્યા છે. દસ દિવસ પહેલા ઝડપાયેલા નિમેષ ડોડીયા સહિતના આરોપીઓની પૂછપરછમાં **PMJAY** કચેરીના પ્રોજેક્ટ ઓફિસર અને સિનિયર અધિકારીના નામ ખૂલતા પોલીસે કુલ ત્રણની ધરપકડ કરી છે. કોન્ટ્રાક્ટ ઉપર કામ કરતો મિલાપ પટેલ નામનો પ્રોજેક્ટ ઓફિસર એક આયુષમાન કાર્ડના એપ્રુવલ બદલ નિમેષ પાસેથી ૫૦૦ રૂપિયા વસૂલતો હોવાનું સામે આવ્યું છે. ક્રાઈમ બ્રાંચના પીઆઈએ જણાવ્યું હતું કે, નિમેષ ડોડીયા મુખ્ય આરોપી હતો તે સહિતના આરોપીની તપાસ કરતા માલૂમ પડ્યું કે, આ લોકો વોટ્સએપ ગ્રુપ બનાવી કાર્ડનીએપ્રુવલ માટે જરૂરિયાત હોય તેના મેસેજ કરતા અને તે એપ્રુવલ આપી કાર્ડ દીઠ પૈસા લેતા હતા. **PMJAY** કચેરીમાં પ્રોજેક્ટ ઓફિસર તરીકે ફરજ બજાવતો મિલાપ પટેલ નિમેષના સંપર્કમાં હતો. મિલાપ પટેલને એક આઈડી મળેલું હતું. તેનું કામ એ હતું કે, આયુષમાન કાર્ડ બન્યું હોય તેના રેફરન્સ નંબરના આધારે રેશનકાર્ડ અને આધારકાર્ડ મેચ કરી એપ્રુવલ આપવાનું. નિમેષ ડોડીયા દ્વારા આયુષમાન કાર્ડના રેફરન્સ નંબર આપી મિલાપ પટેલને એપ્રુવલ આપવા માટે જણાવવામાં આવતું હતું. જેના બદલમાં નિમેષ દ્વારા મિલાપને કાર્ડ દીઠ ૫૦૦ રૂપિયા ચૂકવવામાં આવતા હતા. આ મામલે પોલીસે મિલાપ પટેલના સિનિયર અધિકારી ડો. શૈલેષ આનંદને પણ ઝડપી પાડ્યો છે. તેના દ્વારા જ મિલાપ પટેલને આયુષમાન ભારત નામના વોટ્સએપ ગ્રુપમાં એડ થવા માટે કહેવામાં આવ્યું હતું. એપ્રુવલ બદલ જે આવક થાય તેમાંથી અડધો ભાગ લેવાનું પણ નક્કી કર્યું હતું. પોલીસે મિલાપ પટેલ, ડો. શૈલેષ આનંદ અને નિખીલ પારેખ નામના ત્રણેય આરોપીઓને ઝડપીપાડી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી અજિત રાજીયણે જણાવ્યું હતું કે, આરોગ્ય વિભાગના કેટલાક કર્મચારીઓ અમારા રડારમાં હતા જ. પુરાવા મળતાં જ અમે મિલાપ પટેલની ગાંધીનગરથી ધરપકડ કરી છે. બીજા બે કર્મચારીની પૂછતાછ ચાલુ હતી. જે અંગે સાંજે ધરપકડ કરી લેવાઈ હતી. ક્રાઈમ બ્રાન્ચના સૂત્રોએ જણાવ્યું હતું કે, મિલાપ પટેલ કોન્ટ્રાકટ આધારે આરોગ્ય વિભાગમાં ૨૦૧૭થી નોકરી કરતો હતો. મિલાપ આયુષ્યમાન કાર્ડ એપ્રૂવ કરવાનું કામ કરતો હતો. મિલાપ પટેલે લાખોની સંખ્યામાં ખોટા આયુષ્યમાન કાર્ડ એપ્રૂવ કર્યા હતા. તેને કાર્ડ દીઠ ફિક્સ રકમ પણ મળતી હતી. ગાંધીનગર આરોગ્ય વિભાગમાં આયુષ્યમાન કાર્ડ ખોટી રીતે કાઢી




આપીને સરકારને કરોડો રૂપિયાનું નુકસાન કર્યુ છે. પોલીસને શંકા છે કે, મોટાં કૌભાંડો કોન્ટ્રાક્ટવાળા કર્મચારીઓ જ કર્યા છે પણ તેની ગોઠવણ હેલ્થ ડિપાર્ટમેન્ટના કાયમી કર્મચારી સાથે હોય તેવી શંકા છે અને તે બાબતે પણ તપાસ ચાલી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે દસ દિવસ પહેલાં ખ્યાતિકાંડ મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં બોગસ આયુષ્યમાનકાર્ડ બનાવી સરકારને ચૂનો ચોપડવાના કૌભાંડનો પણ પર્દાફાશ થયો હતો. ખ્યાતિકાંડના આરોપી કાર્તિક પટેલ અને ચિરાગ રાજપૂતે અન્ય ૮ લોકો સાથે મળી આ કૌભાંડ આચર્યું હતું. કાર્તિક પટેલના કહેવાથી જ ચિરાગ રાજપૂતે અન્ય લોકો સાથે મળી બોગસ **PMJAY** કાર્ડ તૈયાર કરાવતો હતો. લાખો રૂપિયાની સારવારનો ખોટી રીતે લાભ લેવા માત્ર ૧૫૦૦ રૂપિયામાં બોગસ **PMJAY** કાર્ડ બનાવવામાં આવતું હતું. આરોપીઓ દ્વારા સરકારી પોર્ટલમાં ચેડાં કરી આ સમગ્ર કૌભાંડ આચરવામાં આવતું હતું. આ કૌભાંડ બાબતે ૧૦ લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. ભેજાબાજોએ ખ્યાતિ હોસ્પિટલનાં ૧૫૦ કાર્ડ કઢાવી આપ્યાં હતાં, જેમાં ખાસ કરીને જ્યાં કેમ્પ થતા હતા અને જે લોકો સારવાર માટે આવતા હતા અને જેમની પાસે કાર્ડની વ્યવસ્થા નથી તેમને આ કાર્ડ બનાવી આપ્યાં હતાં અને તેમની સારવાર પણ આ કાર્ડની લિમિટના આધારે થઈ હોવાનું જાણવા મળ્યું છે

# મોઝામ્બિક દેશમાં રમખાણો ફાટી નીકળ્યા બાદ ત્યાં રહેતા અનેક ગુજરાતીઓની દુકાનો-મકાનો લૂંટી લેવાયા

ભરૂચ,તા.૩૦

સાઉથ આફ્રિકામાં આવેલા મોઝામ્બિક દેશમાં કોઈ રાજકીય કારણોસર દેશમાં ભારે ઉહાપોહ મચી ગયો છે. જેના કારણે હાલમાં ત્યાં રમખાણો ફાટી નીકળ્યા છે. જેમાં ત્યાં રહેતા અનેક ગુજરાતી લોકોની દુકાનો અને મકાનોને લૂંટી લેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. જેના કારણે ગુજરાતના અનેક જિલ્લાઓમાં રહેતા તેમના પરિવારજનોમાં ભયનો માહોલ છવાયો છે. તેઓ હાલમાં ગુજરાત અને કેન્દ્રની સરકાર પાસે મદદની માગ કરી રહ્યા છે. ગુજરાતના અનેક લોકો પોતાના ધંધા અને રોજગારી માટે વિદેશના અલગ અલગ દેશોમાં સ્થાયી થયા છે. તેઓ પરિવાર સાથે રહીને પોતાનું અને અહિંયા રહેતા તેમના પરિવારજનોની પણ આર્થિક મદદ કરી રહ્યા છે. એમ જ એક સાઉથ આફ્રિકાના મોઝામ્બિક દેશમાં પણ અનેક ભારતીય પરિવારો સ્થાયી થયા છે. જેમાં ભરૂચ જિલ્લાના તેમજ અનેક શહેરના હજારો લોકો પણ ત્યાં વસવાટ કરી રહ્યા છે. ત્યારે હાલમા ત્યાં કોઈ રાજકીય કારણોસર રમખાણો ફાટી નીકળ્યા છે. જેમાં ત્યાં રહેતા અને ધંધો કરતા અનેક ગુજરાતીઓની દુકાનો અને મકાનો ઉપર લૂટ ચલાવાઈ રહી હોવાના અનેક બનાવો ત્યાં બની રહ્યા છે. આ ઘટનાઓ બાદ ગુજરાતમાં રહેતા તેમના પરિવારજનોમાં ચિંતાના માહોલ જોવા મળી રહ્યો છે. ભરૂચ જિલ્લાના સીતપોણ ગામમાં રહેતા પરિવાર તરફથી જાણવા મળ્યું હતું કે, આ ગામના અંદાજીત ૧૦ જેટલા પરિવાર ધંધા અર્થે ત્યાં સ્થાયી થયા છે. માટલીવાલાએ જણાવ્યું હતું કે તેમના બે ભાઈઓ હાલમાં મોઝામ્બિક દેશમાં મનિષા અને મપુતોમાં રહીને વાસણની દુકાન ચલાવે છે. તેઓ પોતાના પરિવાર સાથે ત્યાં રહે છે પરંતુ હાલમાં ત્યાં જે હિંસા ફાટી નીકળી છે ત્યાં તેમના ભાઈઓની દુકાનો અને મકાનો પણ લૂંટી લેવામાં આવતા તેઓ પોતાના મકાનો છોડીને લોકોના ઘરોમાં શરણાર્થીઓ બન્યા છે. જેના કારણે તેમના સમગ્ર પરિવારમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. બે ત્રણ દિવસથી ઊંઘ પણ આવતી નથી હમેશા ભાઈ અને તેમની ભાભી જે હાલમાં ગર્ભવાતી છે તેમની ચિંતા સતાવી રહી છે. આ અંગે તેઓ ગુજરાત અને ભારત સરકાર પાસે અને ભારતીયની સુરક્ષા માટે તેમને બચાવવાની મદદ માગી રહ્યા છે.

# રાજ્યની સૌથી મોટી પોલીસ લાઈન હવે બનશે અમદાવાદમાં : ૯૨૦ ફલેટ હશે

અમદાવાદ,તા.૩૦

ગુજરાતમાં ઘણા સમયથી પોલીસ કર્મચારીઓ માટે પોલીસલાઈન અને તેના પરિવાર માટે સારી રહેવાની જગ્યા ખૂબ જ મહત્ત્વની અને જરૂરી હોવાનું જણાવી સરકાર દ્વારા તે મુદ્દે ઘણા સમયથી વિચારણા કરવામાં આવી રહી હતી. પરિવારને જરૂરી તમામ વસ્તુઓ મળી રહે અને એક સારૂ જીવન તેઓ પરિવાર સાથે ગુજારે એ માટે હવે નવી અત્યાધુનિક પોલીસ લાઈનો બની રહી છે, જેમાં **2BHK** ફલેટ કોન્સ્ટેબલોને ફાળવવામાં આવશે. અમદાવાદ શહેરમાં રાજ્યની સૌથી મોટી પોલીસ લાઈન બનવા જઈ રહી છે, જેમાં ૯૨૦ મકાનો હશે, જે તમામ મકાનો ૧૩ માળના ટાવર અને બે માળ પાર્કિંગ બેઝમેન્ટ સાથે બનાવવામાં આવનાર છે. આગામી સમયમાં તેનું ખાતમુહૂર્ત કરવામાં આવનાર છે. અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં બનનારાં આ મકાનોમાં તમામ પોલીસકર્મી જેને મકાન ફાળવવામાં આવશે તે ફર્નિચર સાથે ફાળવવામાં આવનાર છે. અમદાવાદ શહેરના ઘાટલોડિયા વિસ્તારમાં હવે શહેરની સૌથી મોટી પોલીસ લાઈન બનવા જઈ રહી છે. જે પોલીસ લાઈનમાં ૧૩ માળનાં કુલ ૧૮ ટાવર બનવાનાં છે. જેમાં બેઝમેન્ટ બે માળ સુધીનું હશે, જેમાં વહન પાર્કિંગ માટે વ્યવસ્થા કરવામાં આવી છે. અહીંયાં આગામી દિવસોમાં પોલીસ લાઈન અને નવા પોલીસ સ્ટેશનના મકાનનું ખાતમુહૂર્ત થવા જઈ રહ્યું છે. જે માટે અત્યારથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, ૯૨૦ મકાનમાં અમદાવાદ શહેરના પોલીસ કર્મચારીઓને મકાન ફાળવવામાં આવશે. જેમાં પંખા, લાઈટ, બેડ સહિતની પાયાની તમામ સુવિધા અને સાથે ફર્નિચર પણ આપવામાં આવશે. ૯૨૦ પરિવાર આ પોલીસલાઈનમાં રહેશે અને ત્યાં જ બે બ્લોકને જોડીને ઘાટલોડિયા પોલીસ સ્ટેશન બનવાનું છે. જે આગામી સમયમાં અમદાવાદ શહેરના અત્યાધુનિક પોલીસ સ્ટેશન પૈકીનું એક હશે. આ અંગે સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, આ મહિનાના અંત સુધીમાં આ જગ્યાનું ખાતમુહૂર્ત થશે, જેના માટે સંબંધિત વિભાગ દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ મકાનમાં સહેજ પણ કચાશ ન રહે તે માટે આખું કામ પોલીસ હાઉસિંગ કોર્પોરેશનના અનુભવી લોકોના મોનિટરિંગમાં થવા અંગેની વિગતો જાણવા મળી રહી છે.

### દારૂબંધીવાળા ગાંધીજીના ગુજરાતમાં દારૂનું જાહેરમાં માર્કેટિંગથી બિન્દાસ્ત વેચાણ થઈ રહ્યું છે

# બજારમાં ફેરિયાઓ ચીજ-વસ્તુઓ વેચે તેમ દારૂ લો..ની બૂમો પાડી માંડવી બીચ ઉપર વેચાણ !

## ગોવાને ટક્કર મારે તેવી 'વ્હીસ્કી ઓન વ્હીલ્સ' વ્યવસ્થા : વીડિયો પણ જોરશોરથી વાયરલ

અમદાવાદ, તા.૩૦

ગાંધીજીના દારૂબંધીવાળા ગુજરાતમાં હવે એક કહો તો ખોટું નથી કે, દારૂ જાહેરમાં બિન્દાસ્ત વેચાઈ રહ્યો છે. કાયદાને ખિસ્સામાં રાખી અથવા કાયદાના રક્ષકોને ગજવામાં ઘાલી છૂટથી દારૂ સરેઆમ વપરાશમાં જોવા મળી રહેલ છે. એટલું જ નહીં તેના વીડિયો પણ બિન્દાસ્ત વાયરલ કરી રહ્યા છે. 'આવી જાઓ... આવી જાઓ...દારૂ લો.. દારૂ લો.. માંડવી બીચ ઉપર આવ્યા અને દારૂ ન પીધો તો શું કર્યું....' બજારમાં શાકભાજી વેચતા હોય એ પ્રમાણે બૂમો પાડી પાડીને પ્રવાસીઓને ખુલ્લેઆમ દારૂ પીવાની ઓફર માંડવી બીચ ઉપર કરવામાં આવી રહી છે. અહીં આવતા પ્રવાસીઓને માગે એ બ્રાન્ડનો અંગ્રેજી દારૂ ખુલ્લેઆમ મળી રહ્યો હોવાનો ઘટસ્ફોટ થતાં ચકચાર મચી જવા પામી છે. અહીં મોપેડની ડિકીમાં દારૂ ભરીને પ્રવાસીઓને પીરસવામાં આવી રહ્યું હોવાનું સામે આવ્યું છે. માંડવી બીચ ઉપર પણ શોખીનો માટે વિસ્કી, જીન અને બિયર સહિતનાં પ્રતિબંધિત દારૂ ઓન ડિલિવરી મળી રહેતાં હોય એમ વીડિયોમાં જોવા મળી રહ્યું છે. આ વીડિયોમાં એક યુવક બૂમો પાડી પાડીને પ્રવાસીઓને દારૂની ઓફર કરી રહ્યો છે. એ પ્રમાણે માંડવી બીચ પણ ખુલ્લેઆમ દારૂ વેચાઈ રહ્યો છે એ જોતાં ગુજરાતમાં દારૂબંદી ન હોય એવું લાગી રહ્યું છે. ગોવા બીચને ટક્કર મારે એવી વ્યવસ્થા માંડવી બીચ ઉપર 'વ્હિસ્કી ઓન ટૂ-વ્હીલ્સ'! પણ જોવા મળી રહી છે. ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં બીચ તટે આવતી લક્ઝરી બસ કે ખાનગી કાર પાર્કિંગ કર્યા બાદ પ્રવાસી ઊતરે છે ત્યારે આ દારૂના વિક્રેતા યેન કેન પ્રકારે વાતોમાં ઉતાર્યા બાદ દારૂની વાત કહે છે. પ્રવાસીઓની બાજુમાં આવી સ્થાનિક યુવાનો કહેશે- બોલો, સાહેબ ઠંડી ઉડાડવા માટે કઈ બ્રાન્ડ જોઈશે ! બીચ ઉપર વિસ્કી, વોડકા, જીનના ક્વાર્ટર રૂા.૪૦૦થી ૫૦૦ના ભાવે મળી મળી રહ્યા છે. બિયર એ જ ભાવમાં પ્રવાસીઓને જાહેરમાં મળી રહે છે. દારૂ ખુલ્લેઆમ વેચાઈ રહ્યો હોવા છતાં સ્થાનિક પોલીસના આંખે પાટા છે. આટલું મોટું દારૂનું નેટવર્ક ચાલી રહ્યું છે એમ છતાં પોલીસ અજાણ હોય એમ લાગી રહ્યું છે. ત્યારે અહીં એસએમસી જેવી કોઈ એજન્સી પણ રાઉન્ડ મારતી ન હોય તેમ જણાય છે. ગોવામાં દારૂબંધી નથી ત્યારે ત્યાંના બીચ ઉપર દારૂ મળે તો નવાઈ પામવા જેવું નથી, પણ દારૂ નિષેધ છે એવા માંડવીના બીચ ઉપર વ્હિસ્કી મળે છે. લાંબા સમયથી બીચ ઉપર દારૂનું વેચાણ પંટરિયા મારફત થઈ રહ્યું છે. શોખીન પ્રવાસીઓ દારૂનું સેવન કર્યા બાદ દરિયામાં નાહવા પણ જાય છે. ભૂતકાળમાં દારૂ પીધા બાદ ઊંડા પાણીમાં ડૂબી ગયાની ઘટના અગાઉ ગરમીની સિઝનમાં બનવા પામી હતી. દારૂ વધુ કોઈ પ્રવાસીઓનો ભોગ લે એ પહેલાં વેચાણ બંધ કરાવવું જરૂરી છે.

# લ્યો બોલો, મહિલાના નાકમાં ઉગ્યો દાંત ! દૂરબીન વડે સર્જરીથી દૂર કરાયો

અમદાવાદ, તા.૩૦

લો બોલો....રાજકોટમાં એક મહિલાના નાકમાં દાંત ઉગ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. મહિલાના નાકમાં જમણી બાજુથી અવરોધ સાથે દુર્ગંધ મારતું પ્રવાહી નીકળતું હતું. એટલું જ નહીં, ગંભીર માથાનો દુઃખાવો અને વારંવાર થતી શરદીની સમસ્યાથી આ મહિલા પરેશાન થતાં હતાં. છેલ્લાં ૧૦ વર્ષથી તેઓ આ સમસ્યાથી પીડાતાં હતાં. આખરે ખાનગી હોસ્પિટલના ડોક્ટરે દૂરબીન વડે ૩૮ વર્ષીય મહિલાની સફળ સર્જરી કરી હતી અને તેઓ હાલ સંપૂર્ણપણે સ્વસ્થ છે. ઈએનટી સર્જન ડો. હિમાંશુ ઠક્કરના જણાવ્યા મુજબ રાજકોટની ૩૮ વર્ષીય મહિલાને ૧૦ વર્ષથી નાકમાં જમણી બાજુ અવરોધ હતો. તેમના નાકની એન્ડોસ્કોપી અને સીટી સ્કેન કરતાં નાકમાં જમણી બાજુ દાંત જેવી રચના મળી હતી અને તે ગ્રેન્યુલેશન ટિસ્યૂ અને પ્રવાહીથી ઘેરાયેલી હતી. આને 'એક્ટોપિક ટૂથ' તરીકે ઓળખવામાં આવે છે, જે દાંત ખોટી જગ્યાએ ઊગે ત્યારે થાય છે. સાહિત્ય અનુસાર વિશ્વભરમાં ૫૦થી પણ ઓછા કેસ નોંધાયેલા છે. આ અંગે જાણકારી આપી મહિલાને એન્ડોસ્કોપિક સર્જરીની સલાહ આપી હતી. ઓપરેશન દરમ્યાન મોટી પથ્થર જેવી રચના જેને **rhinolith** કહેવાય છે. એ બહાર કાઢવામાં આવી હતી, જેમાં દાંત સમાયેલો હતો. આ દાંત નાકમાં જમણી બાજુ અંદરના ભાગમાં ઊગ્યો હતો. સર્જરી પૂરી રીતે સફળ રહી હતી અને દર્દીને કોઈપણ જાતની તકલીફ વિના હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે. હાલ તેઓ સંપૂર્ણ તંદુરસ્ત છે. તેમના માથાનો દુઃખાવો દૂર થઈ ગયો છે. તેઓ સરળતાથી શ્વાસ લઈ શકે છે. લાંબા સમયથી ચાલી આવતી સમસ્યાનું નિરાકરણ આવતાં પરિવારજનોએ રાહત અનુભવી છે.

# ચીન દ્વારા બ્રહ્મપુત્રા નદી ઉપર વિશ્વનો સૌથી મોટો બંધ બાંધવામાં આવશે : ભારત અને બાંગ્લાદેશ માટે ચિંતાનો વિષય

## ભારતમાં આ અંગે ચિંતા છે કારણ કે, આ ડેમ બેઈજિંગને દુશ્મનાવટના સમયે સરહદી વિસ્તારોમાં મોટા પ્રમાણમાં પાણી છોડવાની તક આપશે



બેઈજિંગ, તા.૩૦

ચીને ભારતીય સરહદની નજીક તિબેટમાં બ્રહ્મપુત્રા નદી ઉપર ૧૩,૭૦૦ કરોડ અમેરિકી ડૉલરના ખર્ચે વિશ્વના સૌથી મોટા ડેમના નિર્માણને મંજૂરી આપી છે, જેના લીધે ભારત અને બાંગ્લાદેશમાં ચિંતાઓ ઊભી થઈ છે. ચીનની સરકારે બ્રહ્મપુત્રાનું તિબેટિયન નામ યાર્લુંગ ઝાંગબો નદીના નીચલા ભાગોમાં હાઈડ્રોપાવર પ્રોજેકટના નિર્માણને મંજૂરી આપી છે. આ ડેમ હિમાલયના એક વિશાળ ઘાટ ઉપર બાંધવામાં આવનાર છે જ્યાં બ્રહ્મપુત્રા નદી અરૂણાચલપ્રદેશ અને પછી બાંગ્લાદેશમાં જતાં એક વિશાળ યુ-ટર્ન લે છે. આ ડેમ માટે કુલ રોકાણ એક ટ્રિલિયન યુઆન (૧૩,૭૦૦ કરોડ અમેરિકી ડૉલર)થી વધી શકે છે. ચીને ૨૦૧૫માં તિબેટમાં સૌથી મોટું ૧૫૦ કરોડ અમેરિકી ડૉલર ઝામ હાઈડ્રોપાવર સ્ટેશન પહેલેથી જ કાર્યરત કર્યુ છે. બ્રહ્મપુત્રા ડેમ ૧૪મી પંચવર્ષીય યોજના (૨૦૨૧-૨૦૨૫) અને રાષ્ટ્રીય આર્થિક અને સામાજિક વિકાસ અને વર્ષ ૨૦૩૫ સુધીના લાંબા અંતરના ઉદ્દેશ્યોનો ભાગ હતો, જે શાસક કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈના **(CPC)**ની મુખ્ય નીતિ સંસ્થા પ્લેનમ દ્વારા અપનાવવામાં આવ્યો હતો.

પાણીના પ્રવાહને નિયંત્રિત કરવા માટે ચીનને લાભ આપવા ઉપરાંત ડેમના કારણે ભારતમાં ચિંતાઓ ઊભી થઈ છે, તેનું કદ અને સ્કેલ પણ બેઈજિંગને દુશ્મનાવટના સમયે મોટા પ્રમાણમાં પાણીના પૂરના સરહદી વિસ્તારોમાં છોડવામાં સક્ષમ બનાવી શકે છે. ભારત અને ચીને ૨૦૦૬માં સીમા ઉપરની નદીઓ સંબંધિત વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા કરવા માટે નિષ્ણાત સ્તરની મિકેનિઝમ **(ELM)**ની સ્થાપના કરી હતી, જેના હેઠળ ચીન ભારતને પૂરની મોસમ દરમ્યાન બ્રહ્મપુત્રા નદી અને સતલજ નદી ઉપર હાઈડ્રોલોજિકલ માહિતી પ્રદાન કરે છે. વિદેશ મંત્રાલય દ્વારા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, **SRs**એ સરહદ પારની નદીઓ ઉપર ડેટા શેરિંગ સહિત સીમા પાર સહકાર અને વિનિમય માટે સકારાત્મક દિશાઓ પ્રદાન કરી છે. બ્રહ્મપુત્રા ડેમ માટે અનેક ઈજનેરી પડકારો છે કારણ કે, આ પ્રોજેક્ટ સાઈટ ટેકટોનિક પ્લેટની સીમા સાથે સ્થિત છે જ્યાં ધરતીકંપ આવે છે. તિબેટિયન ઉચ્ચપ્રદેશ, જેને વિશ્વની છત તરીકે ગણવામાં આવે છે, તે ટેકટોનિક પ્લેટોની ઉપર સ્થિત હોવાથી વારંવાર ભૂકંપનો અનુભવ થાય છે. એક સત્તાવાર નિવેદનમાં ભૂકંપ અંગેની ચિંતાઓને દૂર કરવાની માંગ કરવામાં આવી હતી, જેમાં જણાવ્યું હતું કે, આ હાઈડ્રોપાવર પ્રોજેક્ટ સલામત છે અને ઈકોલોજીકલ સંરક્ષણને પ્રાથમિકતા આપે છે. આ ડેમ મુખ્ય ભૂમિ ચીનના સૌથી વધુ વરસાદી ભાગોમાં બાંધવામાં આવશે જેનાથી પાણીનો પુષ્કળ પ્રવાહ આવશે. ૨૦૨૩ના અહેવાલ મુજબ, હાઈડ્રોપાવર સ્ટેશન દર વર્ષે ૩૦,૦૦૦ કરોડ **kWh**થી વધુ વીજળી ઉત્પન્ન કરે તેવી અપેક્ષા છે જે ૩૦ કરોડથી વધુ લોકોની વાર્ષિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે પૂરતી છે.

૨૦૨૦માં ચીનની સરકારી માલિકીની પાવર કન્સ્ટ્રક્શન કોર્પોરેશનના તત્કાલીન અધ્યક્ષ યાન ઝિઓંગને કહ્યું હતું કે, નીચલી પહોંચના વિસ્તારમાં ૫૦ કિ.મી.ના અંતર ઉપર ૨૦૦૦ મીટરનો વર્ટિકલ ડ્રોપ છે, જે લગભગ ૭ કરોડ કિલોવોટના સંસાધનોનું પ્રતિનિધિત્વ કરે છે જે ૨ કરોડ ૨૫ લાખ કિલોવોટની સ્થાપિત ક્ષમતા સાથે ગોર્જ ડેમથી વધુ છે. નદીની હાઈડ્રોપાવર સંભવિતતાનો ઉપયોગ કરવા માટે નામચા બરવા પર્વતમાંથી ચારથી છ **20km** લાંબી ટનલ ડ્રિલ કરવી આવશ્યક છે. યાને કહ્યું કે, તે રાષ્ટ્રીય સુરક્ષા માટેનો પ્રોજેક્ટ છે, જેમાં જળ સંસાધનો અને સ્થાનિક સુરક્ષાનો સમાવેશ થાય છે અને આ પ્રોજેક્ટ દક્ષિણ એશિયા સાથે પણ સહકાર કરશે. હાઈડ્રોપાવર સ્ટેશન તિબેટ સ્વાયત્ત પ્રદેશ માટે વાર્ષિક ૨૦૦૦ કરોડ યુઆન (૩૦૦ કરોડ અમેરિકી ડૉલર)ની આવક પેદા કરી શકે છે. વૈશ્વિક આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે પણ તે મહત્ત્વ ધરાવે છે. હાઈડ્રોપાવર પ્રોજેક્ટ એ ગ્રીન પ્રોજેક્ટ છે જેનો હેતુ લોકાર્બન વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. યાર્લુંગ ઝાંગબો નદીના વિપુલ પ્રમાણમાં હાઈડ્રોપાવર સંસાધનોનો ઉપયોગ કરીને, આ પ્રોજેક્ટ આસપાસના વિસ્તારોમાં સૌર અને પવન ઉર્જા સંસાધનોના વિકાસને પણ વેગ આપશે, આમ હાઈડ્રો, પવન અને સૌર ઊર્જાનું પૂરક મિશ્રણ દર્શાવતો સ્વચ્છ ઊર્જા આધાર બનાવશે. તે એન્જિનિયરિંગ, લોજિસ્ટિક્સ અને વેપાર સેવાઓ જેવા ઉદ્યોગોના ઝડપી વિકાસ સાથે નવી નોકરીઓનું સર્જન કરશે. એકવાર પૂર્ણ થયા પછી આ પ્રોજેક્ટ વીજળી, જળ સંરક્ષણ અને પરિવહનના માળખામાં વધુ સુધારો કરશે. તે તિબેટ અને અન્ય પ્રદેશો વચ્ચે વિકાસ સમન્વયને (અનુ.છઠ્ઠા પાને.)

### પુત્રીએ આપ્યો મુખાગ્નિ, પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલિન

# પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહને રાજકીય સન્માન સાથે વિદાય

## પૂર્વ પ્રધાનમંત્રી ડો. મનમોહન સિંહના પૂરા રાજકીય સન્માન સાથે દિલ્હીના નિગમ બોધ ઘાટ પર અંતિમ સંસ્કાર : ૨૧ તોપોની સલામી આપવામાં આવી









નવી દિલ્હી, તા.૩૦

પૂર્વ પ્રધાનમંત્રી ડો. મનમોહન સિંહના આજે પૂરા રાજકીય સન્માન સાથે દિલ્હીના નિગમ બોધ ઘાટ પર અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. મનમોહન સિંહના અંતિમ સંસ્કાર વખતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પીએમ નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, અને રક્ષામંત્રી રાજનાથ સિંહ, લોકસભામાં વિપક્ષના નેતા અને કૉંગ્રેસના સાંસદ રાહુલ ગાંદી, ઓમ બિરલા પણ હાજર રહ્યા. આ પહેલા નવી દિલ્હી સ્થિત તેમના નિવાસ સ્થાને તેમને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ તેમનું પાર્થિક શરીર કૉંગ્રેસ હેડક્વાર્ટર લાવવામાં આવ્યું હતું. જ્યાં પૂર્વ પીએમ ડો. મનમોહન સિંહના પત્ની ગુરુશરણ કૌર અને તેમના પુત્રી દમનસિંહએ એઆઈસીસી હેડક્વાર્ટરમાં તેમને અંતિમ શ્રદ્ધાંજલિ આપી. પૂર્વ પીએમ મનમોહન સિંહના રાજકીય સન્માન સાથે દિલ્હીના નિગમ બોધ ઘાટ ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. એવું કહેવાય છે કે તેમની મોટી પુત્રીએ તેમને મુખાગ્નિ આપી. પૂર્વ પીએમ મનમોહન સિંહના પાર્થિવ દેહને ૨૧ તોપોની સલામી આપવામાં આવી. મનમોહન સિંહ અમર રહેના નારા સાથે કોંગ્રેસ નેતાઓએ તેમને વિદાય આપી. તમામ નેતાઓએ ચિતા પર પોત પોતાની લાકડી મૂકી. રાહુલ ગાંધીએ પણ મનમોહન સિંહના પાર્થિવ દેહની ચિતા પર લાકડી મૂકી. અંતિમ યાત્રા વખતે મનમોહન સિંહને તેમની મનગમતી બ્લ્યૂ પાઘડી પહેરાવવામાં આવી. મુખાગ્નિ આપતા પહેલા પંજાબી રીતિ રિવાજથી અરદાસ પઢવામાં આવી. અંતિમ યાત્રામાં દેશ વિદેશના ગણમાન્ય લોકો નિગમબોધ પર હાજર રહ્યા. રાહુલ ગાંધીએ અર્થીને ટેકો આપ્યો હતો.

પૂર્વ પીએમ મનમોહન સિંહના પાર્થિવ દેહને ૨૧ તોપોની સલામી આપવામાં આવી. મનમોહન સિંહ અમર રહેના નારા સાથે કોંગ્રેસ નેતાઓએ તેમને વિદાય આપી. તમામ નેતાઓએ ચિતા પર પોત પોતાની લાકડી મૂકી. રાહુલ ગાંધીએ પણ મનમોહન સિંહના પાર્થિવ દેહની ચિતા પર લાકડી મૂકી. અંતિમ યાત્રા વખતે મનમોહન સિંહને તેમની મનગમતી બ્લ્યૂ પાઘડી પહેરાવવામાં આવી. મુખાગ્નિ આપતા પહેલા પંજાબી રીતિ રિવાજથી અરદાસ પઢવામાં આવી. અંતિમ યાત્રામાં દેશ વિદેશના ગણમાન્ય લોકો નિગમબોધ પર હાજર રહ્યા. રાહુલ ગાંધીએ અર્થીને ટેકો આપ્યો હતો.

પૂર્વ પીએમ મનમોહન સિંહનું પાર્થિવ શરીર અંતિમ સંસ્કાર પહેલા લગભગ એક કલાક સુધી કૉંગ્રેસ હેડક્વાર્ટરમાં રાખવામાં આવ્યું હતું. અહીં કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી સહિત કોંગ્રેસી કાર્યકરો અને સાથે સાથે દેશના અન્ય નાગરિકોએ પણ તેમના અંતિમ દર્શન કર્યા. અત્રે જણાવવાનું કે ગુરુવારે ૨૬ ડિસેમ્બરના રોજ મનમોહન સિંહનું દિલ્હી એમ્સ હોસ્પિટલમાં નિધન થયું હતું. તેમની તબિયત બગડતા તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. પૂર્વ પીએમ મનમોહન સિંહની કોંગ્રેસ હેડક્વાર્ટરથી ૧૧ કિલોમીટર જેટલી લાંબી અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી. પૂર્વ પીએમ મનમોહન સિંહના પાર્થિવ દેહને કોંગ્રેસ ઓફિસથી અકબરોડ રોડથી ઈન્ડિયા ગેટ, ઈન્ડિયા ગેટથી તિલક માર્ગ, તિલક માર્ગથી આઈટીઓ રેડ લાઈટથી ડાબે વાળીને પછી જૂના પોલીસ હેડક્વાર્ટરની સામે થઈને રિંગ રોડ પર લેફ્ટ લઈ જવામાં આવ્યા. ત્યારબાદ અંતિમ યાત્રા સીધા રસ્તે નિગમ બોધ ઘાટ પહોંચી હતી.

અંતિમ યાત્રા પહેલા, સિંહના પાર્થિવ દેહને કોંગ્રેસ મુખ્યાલયમાં રાખવામાં આવ્યો હતો, જ્યાં કોંગ્રેસ સંસદીય દળના વડા સોનિયા ગાંધી, પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને અન્ય ઘણા વરિષ્ઠ પક્ષના નેતાઓ અને કાર્યકરોએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. ભૂતપૂર્વ વડા પ્રધાનના પાર્થિવ દેહને તેમના નિવાસસ્થાનથી સવારે લગભગ ૯ વાગ્યે કોંગ્રેસના મુખ્યાલયમાં લાવવામાં આવ્યો હતા, જ્યાં પાર્ટીના નેતાઓ અને કાર્યકરો તેમના અંતિમ દર્શન માટે રાહ જોઈ રહ્યા હતા.

મનમોહન સિંહના પાર્થિવ દેહને રાખવામાં આવ્યા બાદ સોનિયા ગાંધી, ખડગે, રાહુલ ગાંધી, કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા અને અન્ય પાર્ટીના નેતાઓએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. મનમોહન સિંહના પત્ની ગુરશરણ કૌર અને તેમના પરિવારના કેટલાક અન્ય સભ્યો પણ કોંગ્રેસ મુખ્યાલયમાં હાજર હતા. ગુરશરણ કૌરે પણ તેમના પતિને ફૂલ અર્પણ કરીને વિદાય આપી હતી. મનમોહન સિંહ ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી ૧૦ વર્ષ સુધી દેશના વડાપ્રધાન હતા અને તે પહેલા તેમણે નાણામંત્રી તરીકે દેશના આર્થિક માળખાને મજબૂત બનાવવામાં મદદ કરી હતી.

તેમની આગેવાની હેઠળની સરકારે માહિતીનો અધિકાર (RTI), શિક્ષણનો અધિકાર (RTE) અને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદો (મનરેગા) જેવી યોજનાઓ શરૂ કરી. મનમોહન સિંહને ૧૯૯૧માં નરસિમ્હા રાવ સરકારમાં ભારતના નાણામંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

## મનમોહનના સ્મારક વિવાદ પર ભાજપનો પ્રહાર



(એજન્સી),

નવી દિલ્હી તા.૩૦

ભાજપના નેતા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે પૂર્વ વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહના નિધનથી સમગ્ર દેશ શોકમાં છે. PM નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની દ્રઢ્છ સરકાર દેશના આર્થિક વિકાસનો પાયો નાખનાર વ્યક્તિઓને યોગ્ય સન્માન આપવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. આને ધ્યાનમાં રાખીને, કેબિનેટે ગઈકાલે તેની બેઠકમાં નિર્ણય લીધો હતો કે મનમોહન સિંહ જીની યાદમાં એક સ્મારક અને સમાધિ બનાવવામાં આવશે. આ પ્રક્રિયામાં ગમે તેટલો સમય લાગશે, આ વાત કોંગ્રેસ પાર્ટીને જણાવવામાં આવી છે. કેબિનેટ બાદ તરત જ ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને આ અંગે માહિતી આપી હતી. સરકારે સ્મારક બનાવવાનું નક્કી કર્યું છે. હવે જમીન સંપાદન ટ્રસ્ટ અને જમીન ટ્રાન્સફરની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ગમે તેટલો સમય લાગશે તો પણ આ કામગીરી કરવામાં આવશે. પરંતુ, તે ખૂબ જ દુઃખની વાત છે કે જે કોંગ્રેસ પાર્ટીએ ડો. મનમોહન સિંહનું તેમના જીવનકાળ દરમિયાન ક્યારેય સન્માન કર્યું ન હતું. તેમના મૃત્યુ પછી પણ તેમના સન્માનનું રાજનીતિ કરી રહી છે. ડો. મનમોહન સિંહ ગાંધી નેહરુ પરિવારની બહારના પ્રથમ વડાપ્રધાન હતા જેમણે ૧૦ વર્ષ સુધી વડાપ્રધાન પદ સંભાળ્યું હતું. હું એ પણ યાદ અપાવવા માંગુ છું કે કોંગ્રેસ પાર્ટીએ નેહરુ-ગાંધી પરિવારની બહાર કોઈ પણ વડાપ્રધાનને સન્માન આપ્યું નથી. ઓછામાં ઓછું આજે આપણે આ દુઃખની ઘડીમાં રાજકારણ કરવાનું બંધ કરવું જોઈએ.

### કેન્દ્ર સરકાર પર ભડક્યા રાહુલ ગાંધી

# નિગમબોધ ઘાટ પર અંતિમ સંસ્કાર કરવા એ મનમોહન સિંહનું અપમાન

## કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પૂર્વ વડાપ્રધાનના સન્માનની પરંપરાનું ઉલ્લંઘન ગણાવ્યું હતું



નવીદિલ્હી,તા.૩૦

દેશના પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહ પંચમહાભૂતમાં વિલિન થઈ ગયા. શનિવારે કોંગ્રેસ મુખ્યાલયથી નિગમબોધ ઘાટ સુધી તેમની અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી અને તેમના અંતિમ સંસ્કાર નિગમબોધ સ્મશાન ગૃહમાં કરવામાં આવ્યા હતા. આ નિર્ણયના કારણે રાજકીય વર્તુળોમાં ગરમાવો જોવા મળ્યો છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પૂર્વ વડાપ્રધાનના સન્માનની પરંપરાનું ઉલ્લંઘન ગણાવ્યું હતું.

રાહુલ ગાંધીએ કહ્યું કે, ભારત માતાના મહાન સપૂત અને શીખ સમુદાયના પ્રથમ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહના અંતિમ સંસ્કાર આજે નિગમબોધ ઘાટ પર કરાવીને વર્તમાન સરકાર દ્વારા સરાસર અપમાન કર્યું છે. તેઓ એક દાયકા સુધી દેશના વડાપ્રધાન પદ પર રહ્યા હતા, તેમના સમય દરમિયાન દેશ આર્થિક મહાસત્તા બન્યો અને તેમની નીતિઓ આજે પણ દેશના ગરીબ અને પછાત વર્ગ માટે આશરો બની રહી છે.

અત્યાર સુધી તમામ પૂર્વ વડાપ્રધાનોની ગરિમાને માન-સમ્માન સાથે તેમના અંતિમ સંસ્કાર અધિકૃત સમાધિ સ્થળો પર કરવામાં આવ્યા હતા. જેથી દરેક વ્યક્તિ સરળતાથી શ્રદ્ધાંજલિ આપી શકે. ડૉ. મનમોહન સિંહ આપણા સર્વોચ્ચ સન્માન અને સમાધિના હકદાર છે. દેશના આ મહાન સપૂત અને તેના ગૌરવશાળી સમુદાય પ્રત્યે સરકારે આદર દાખવવો જોઈતો હતો.

દિલ્હીના પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલે કહ્યું કે, ભારતના વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહજીના અંતિમ સંસ્કાર નિગમ બોધ ઘાટ પર કરવામાં આવ્યા હતા. આ પહેલા ભારતના તમામ વડાપ્રધાનોના અંતિમ સંસ્કાર રાજઘાટ પર કરવામાં આવ્યા હતા. શીખ સમુદાયમાંથી આવેલા અને વિશ્વભરમાં ખ્યાતિ પ્રાપ્ત અને ૧૦ વર્ષ સુધી ભારતના વડાપ્રધાન રહેલા ડૉ. મનમોહન સિંહના અંતિમ સંસ્કાર અને સમાધિ માટે ભાજપ સરકાર ૧૦૦૦ ગજ જમીન પણ આપી શકી નથી.

# વર્ગ-૩ની પરીક્ષામાં છબરડાનો યુવરાજસિંહ જાડેજાનો આરોપ

## પબ્લિક ડોમેનમાં ૨૦૨૧નું અપલોડ થયેલા પેપર ૨૦૨૪માં પૂછી પોતાના વાલા દવાલાને પાસ કરવાનું ષડચંત્ર તો નથી ચાલતું ને?


અમદાવાદ,તા.૩૦

ગુજરાતમાં અવારનવાર સ્પર્ધાત્મક પરીક્ષામાં ગેરરીતિ અને છબરડાના સમાચાર સામે આવતા હોય છે. ત્યારે આવી જ વધુ એક સ્પર્ધાત્મક પરીક્ષા પર આમ આદમી પાર્ટીના નેતા યુવરાજસિંહ જાડેજા દ્વારા ગંભીર સવાલો ઊભા કરવામાં આવ્યા છે. યુવરાજસિંહ જાડેજાએ કામધેનુ યુનિવર્સિટીની ભરતી પ્રક્રિયા અને પરીક્ષા પદ્ધતિ પર સવાલ કરતાં ફિશરીઝ વર્ગ-૩ની પરીક્ષામાં છબરડાનો આરોપ લગાવ્યો છે. આપ નેતા યુવરાજસિંહ જાડેજાએ પરીક્ષામાં છબરડાનો આરોપ લગાવતાં કહ્યું કે, આજથી નવ મહિના પહેલાં એટલે કે, ૧૨ માર્ચ ૨૦૨૪ના દિવસે કામધેનુ યુનિવર્સિટી દ્વારા અલગ-અલગ સંવર્ગની ભરતી બહાર પાડવામાં આવી હતી. જેમાં ૧૫ માર્ચથી ફોર્મ ભરવાની શરુઆત થઈ હતી. જેમાં સિનિયર રિસર્ચ આસિસ્ટન્ટ ફિશરીઝ વર્ગ-૩ (પોસ્ટ/વેકેન્સી-૧) માટે પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ચોંકાવનારી વાત એ છે કે આ પરીક્ષામાં ૨૦૦ માર્ક્સનું MCQ પ્રશ્નપત્ર પૂછવામાં આવ્યું હતું. જે પ્રશ્નપત્ર પૂછવામાં આવ્યું હતું તે પહેલાંથી જ એટલે કે ૨૦૨૧થી એક સોશિયલ મીડિયા વેબ બ્લોગ પોસ્ટ પર ઉપલબ્ધ હતું. તેથી આ એક મોટો છબરડો છે.

આ વિશે વધુ વાત કરતાં જાડેજાએ કહ્યું કે, જે બ્લોગ પર પેપર ઉપલ્બધ હતું તે હિંમતનગરના ફિશરીઝ કૉલેજના પ્રોફેસર દ્વારા ચલાવાતું હતું. પ્રોફેસર દ્વારા હિંમતનગરથી જ ચલાવવામાં આવ્યું છે. નવાઈની વાત તો એ છે કે, થોડા સમય પહેલાં જ મેરિટ યાદી બનાવવામાં આવી છે અને જે ઉમેદવાર મેરિટમાં પહેલાં નંબરે છે તે વ્યક્તિ પણ હિંમતનગરથી જ છે.

તેથી, પ્રશ્ન ઊભો થઈ રહ્યો છે કે, પબ્લિક ડોમેનમાં ૨૦૨૧નું અપલોડ થયેલા પેપર ૨૦૨૪માં પૂછી પોતાના વાલા દવાલાને પાસ કરવાનું ષડ્યંત્ર તો નથી ચાલતું ને? નોંધનીય છે કે, ફિશરીઝ માટે તો ગુજરાતમાં ત્રણ જગ્યાએ જ કૉલેજ આવેલી છે. નવસારી, વેરાવળ અને હિંમતનગરમાં. આ સાથે જાડેજાએ કહ્યું કે, વિદ્યાર્થીઓ પણ ખૂબ ઓછા હોવાનો મતલબ એવો તો નથી કે વિદ્યાર્થી સાથે અન્યાય થાય.

## કાલરિયા સ્કુલનાં અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ સુરતમાં રાષ્ટ્રીય સ્તરની સ્કેટીંગ સ્પર્ધામાં સીલ્વર અને ગોલ્ડ – બે મેડલ્સ પ્રાપ્ત કર્યા



જૂનાગઢ, તા.૩૦

શ્રી પટેલ કેળવણી મંડળ, જુનાગઢ સંચાલિત શ્રીમતી આર. એસ. કાલરિયા પ્રાયમરી સ્કુલનાં અંગ્રેજી માધ્યમનાં ધોરણ - ૭ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી ઉર્વિક વિશાલભાઈ રાઠોડે ગત તા. ૨૨/૧૨/૨૦૨૪ નાં સેજ સુરત ખાતે સ્કેટીંગ એસોસીએશન ગુજરાત દ્વારા આયોજીત રાષ્ટ્રીય સ્તરની સ્કેટીંગ સ્પર્ધા (અન્ડર – ૧૪) માં બે અલગ કક્ષાની રેસમાંથી એકમાં પ્રથમ ક્રમે આવીને ગોલ્ડ મેડલ તથા બીજામાં બીજા ક્રમે આવીને સીલ્વર મેડલ, એમ એક જ વિદ્યાર્થીએ બે મેડલ્સ મેળવીને શાળાનું અને શહેરનું ગૌરવ વધારેલ છે. આ સિધ્ધી બદલ પ્રમુખ સીએ સવજીભાઈ મેનપરા, વાઈસ મેનેજીંગ ટ્રસ્ટી રતિભાઈ મારડીયા, મંત્રી શિરિષભાઈ સાપરીયા, કિશોરભાઈ મેંદપરા, સ્ટાફ સિલેકશન નિષ્ણાંત ડો. પી. આર. ગોધાણી, કેમ્પસ ડાયરેકટર ડો. દિનેશભાઈ ડઢાણીયા, એકેડેમીક ડેપ્યુટી ડાયરેકટર નિરજભાઈ વાછાણી તથા પ્રિન્સીપાલ આસ્થાબેન નાવાણીએ શુભેચ્છા પાઠવેલ હતી.

લાખો પાટીદારોનો માં ઉમિયાના ચરણે શીશ ઝુકાવી સમય વિકાસ માટે સવાયો સંકલ્પ

# ઉમિયાધામ સિદસર દ્વારા જ્ઞાન સમૃધ્ધિ રથ સમગ્ર સૌરાષ્ટ્રનું પરીભ્રમણ કરશે : પાંચ દિવસીય શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવનું સમાપન

● યુવા, મહિલા, શૈક્ષણિક અને પ્રોફેશ્નલ, ડોકટર સહિત ૧૦ સંમેલનો યોજાયા ● રાજકીય - સામાજિક મહાનુભાવો, સંતોએ પાટીદારોને પ્રેરક સંદેશો આપ્યો ● મહોત્સવમાં શ્રમ-સમયદાન આપનાર ૧૦૨ સમિતિના ૬૫૦૦ સ્વયંસેવકોનું સન્માન સમારોહ યોજાયો ● યજ્ઞ, કૃષિ મેળો, પાટીદાર નિર્દેશન, વ્યસન મુકિત, રકતદાન શિબીર અને આનંદ મેળાનો લ્હાવો લેતા ભાવિકો ● ખોબા જેવડા સિદસરમાં લાખો લોકોની વ્યવસ્થા દ્વારા પાટીદારોએ બેનમુન મેનેજમેન્ટનું ઉદાહરણ આપ્યું




સિદસર તા.૩૦

માં ઉમિયાની આરાધના સાથે સરસ્વતીની સાધના ના સુત્ર સાથે ઉમિયાધામ સિદસર ખાતે યોજાયેલા પાંચ દિવસના શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં લાખો ભાવિકો ઉમટી પડયા હતા. પરંતુ ઉમિયાધામ સિદસર દ્વારા વિવિધ સમિતિઓની રચના કરી લોકો માટે બેનમુન વ્યવસ્થા અને મેનેજમેન્ટ થકી મહોત્સવને સફળ બનાવ્યો હતો. માં ઉમિયાના ચરણે શિશ ઝુકાવી પાટીદારોએ સમાજના વિકાસ માટે સવાયા સંકલ્પથી સમાજ વિકાસની નવી દિશાનો પ્રારંભ કર્યો છે. ઉમિયાધામ સિદસર દ્વારા આગામી સમગ્ર વર્ષ દરમ્યાન જ્ઞાનસમૃધ્ધિ રથનું સમગ્ર સૌરાષ્ટ્રમાં પરીભ્રમ્રણ થશે.

પાંચ દિવસના શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમા યુવા, મહિલા, સામાજિક, સરરસતા, કર્મયોગી, શૈક્ષણિક અને પ્રોફેશ્નલ- ડોકટરો સહીત ૧૦ જેટલા સંમેલનમાં વિવિધક્ષેત્રના રાજકીય, સામાજિક અગ્રણીઓ, સંતો, વકતાઓએ પાટીદાર સમાજને સમાજ વિકાસની પ્રગતિ માટે પ્રેરક સંદેશો આપ્યો હતો. પાંચ દિવસના મહોત્સવમાં યજ્ઞ, ફિલ્મ નિર્દશન,વ્યસન મુકિત, રકતદાન શિબિર, અંગદાનના સંકલ્પ, આનંદમેળો સહીતના આયોજનમાં સૌરાષ્ટ્રભરના તાલુકા-ગ્રામ્ય વિસ્તારોના લાખો પાટીદારે ભાગ લઈ સિદસર ખાતે માં ઉમિયાના દર્શન કરી ધન્યતા અનુભવી ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

તા.૨૯ રવિવારના સવારે ઉમિયાધામ સિદસર ખાતે યોજાયેલા શૈક્ષણિક સંમેલનમાં અખીલ હિન્દુ ધર્મ આચાર્ય સભા ના સંયોજક અને મહામંત્રી અખિલ ભારતીય સંત સમિતિના કન્વીનર સ્વામી ડો. પરમાત્માનંદ સરસ્વતીજીએ જણાવ્યું હતુ કે, હિન્દુ સમાજ માટે આદર્શ મર્યાદા પુરૂસોતમ રામ છે. સર્વના હદયમાં રામની સ્થાપના કરવાનું કામ શિક્ષકનુ છે. શિક્ષણ થકી પ્રગતિશીલ બનેલા પાટીદાર સમાજનો ફાળો ગુજરાતમાં મોખરે છે. અને ભારતને ૫ મી વિશ્વસતા બનાવવા પટેલ સમાજનું યોગદાન મહતમ છે. આજ ના સમયે શિવાજી નહિ પરંતુ જીજાભાઈની જરૂર છે. તેમ જણાવવા શ્રી પરમાત્માનંદ સરસ્વતીએ શિક્ષણ, મર્યાદા, ચરિત્ર, સંસ્કાર થકી શિક્ષકો ઉમત સમાજના નિમાર્ણમાં સહ ભાગી બનવા અપીલ કરી હતી. શ્રી ૧૪ શતાબ્દી મહોત્સવમાં દર્શન કોલેજના ડા઼.રમેશ ધમસાણીયા તથા પૂર્વ શિક્ષણાધિકારી કૈલાએ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. પૂર્વ શિક્ષણ નિયામક ડો. વી.બી. ભેંસદડીયાએ જીવનમાં મુલ્યો અને કુતજ્ઞતા જેવા ગુણો કેળવવા જોઈએ તેમ જણાવ્યું હતું.

મહોત્સવના અંતીમ સત્ર પ્રોફેશ્નલ સંમેલનમાં ઉમિયાધામ સિદસરના ડો.સુરેશભાઈ માખસણા તથા ચાટર્ડ એકાઉન્ટન્ટ પી.બી.ડઢાણીયાએ ઉમારત્ન યોજનામાં જોડાઈ સમાજ વિકાસ કાર્યોમાં સહભાગી થવા તબીબો, વકીલો, આર્કીટેક અને ચાર્ટડ એકાઉન્ટન્ટને અપીલ કરી હતી.

શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવના સમાપન પ્રસંગે પાટીદાર સમાજે મા ઉમિયાની છત્રછાયામાં સંગઠન અને એકતાની સાથોસાથ શિક્ષણ અને પરિશ્રમ થકી પ્રગતિનો પાયો નાખ્યો છે. આગામી ૨૦૩૧ સુધીમાં ઉમિયા માતાજી મંદિર સિદસર દ્વારા ઉમિયા માતાજી સમૃધ્ધી યોજના-૩ ના માધ્યમથી રૂા. ૪૦૦ કરોડના સામાજીક, શૈક્ષણિક વિકાસકાર્યોના સંકલ્પ સાથે મહોત્સવનું સમાપન થયુ છે. દિલેર પાટીદાર દાતાઓ અને ભામાશાઓ ની સખાવત થી આગામી દિવસોમાં રાજકોટના ઈશ્વરીયા ખાતે ૧૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ માટે ૩૨ વિધા જગ્યામાં સ્કૂલ, ગર્લ્સ-બોયસ હોસ્ટેલ, લાયબ્રેરી, સ્પોર્ટ સંકુલ અને સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટર, સહીતની સુવિધા ધરાવતું 'શ્રી ઉમા શૈક્ષણિક સંકુલ' રૂા. ૧૦૦ કરોડના ખર્ચે ત્રણ તબકકામાં નિર્માણ પામશે. તેમજ ઉમિયાધામ સિદસરના સામાંકાઠે ૩૦ વિધા જગ્યામાં યાત્રીકો માટે અતિથિગૃહ, મલ્ટીપર્પઝ હોલ, પાર્ટી પ્લોટ, ગાર્ડન, પાટીદાર અસ્મિતા કેન્દ્ર, સ્મૃતિમંદિર, રીવરફ્રન્ટ રૂા. ૨૫ કરોડના ખર્ચે નિર્માણ થશે.

સૌરાષ્ટ્રમાં વસતા અઢી લાખથી વધુ પરિવારોની નવી પેઢીના ઉચ્ચ અભ્યાસ માટે અમદાવાદ ખાતે ૧૦૦ કરોડાના ખર્ચે ગર્લ્સ તથા બોયઝ હોસ્ટેલ તેમજ ગાંધીનગર ખાતે રૂા. ૪૦ કરોડના ખર્ચે નવી બોયઝ હોસ્ટેલ, રાજકોટ નજીક એઈમ્સ પાસે ૧૦ કરોડના ખર્ચે આરોગ્યભવન, બનાવવા ઉપરાંત સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠીઓના સહયોગથી રૂા. ૫૦ કરોડની શૈક્ષણિક લોન, વૃક્ષારોપણ અને પ્રાકૃતિક ખેતી જળસંચય, ગ્રામ્ય વિકાસની પ્રવૃતીઓ માટે ૧૫ કરોડ, તેમજ વિવિધ સામાજીક પ્રવૃતિઓ માં ૧૦ કરોડ, તેમજ ભગવાન રામની જન્મભૂમી અયોધ્યા ખાતે ઉમા અતિથિ ગૃહ બનાવવા માટે રૂા. ૨૫ કરોડ ના ખર્ચે નિર્માણ સહીતના આયોજનો ઉમિયા માતાજી મંદિર સિદસરના માધ્યમથી થશે.

ગઈકાલે રાત્રે મહોત્સવમાં પાંચ દિવસ શ્રમદાન અને સમયદાન આપનાર ૬૫૦૦ જેટલા સ્વયંસેવકોને બિરદાવ્યા હતા. મહોત્સવને સફળ બનાવવા ઉમિયાધામ સિદસર દ્વારા શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં ૧૦૨ સમિતિના ૬૫૦૦ જેટલા સ્વયંસેવકોનો સન્માન સમારંભ યોજાયો હતો જેમાં ઉમિયા માતાજી મંદિરના પ્રમુખ જેરામભાઈ વાંસજાલીયા, ચેરમેન મૌલેશભાઈ ઉકાણી, મેનેજીંગ ટ્રસ્ટી જયેશભાઈ પટેલ, ઉમિયા સમૃધ્ધિ યોજનાના કન્વીનર બી.એચ.ધોડાસરા, ઉપપ્રમુખ ચિમનભાઈ શાપરીયા, જગદિશભાઈ કોટડીયા, કન્વીનરો ગોવિંદભાઈ વરમોરા,મનસુખભાઈ પાણ,શૈલેષભાઈ વૈશ્રાણી, તથા સહ યજમાન પુનીતભાઈ ચોવટીયાએ,રમણીકભાઈ ભાલોડીયા ભુપતભાઈ ભાયાણી સહીતના ટ્રસ્ટીઓ તથા હોદેદારોએ આભાર વ્યકત કરી સ્વયંસેવકોના અદકેરા સન્માન કર્યા હતા.અને પાટીદાર સમાજના ઉત્થાન માટે અમલી બનાવાયેલી ૪૦૦ કરોડની શ્રી ઉમીયા સમૃધ્ધિ યોજના-૩ ના માધ્યમથી જ્ઞાન સમૃધ્ધિ રથ સૌરાષ્ટ્રના ૧૨ જીલ્લાના ૭૫૦ થી વધુ ગામોમાં પરીભ્રમણ કરશે તેવી જાહેરાત ઉમિયાધામ સિદસર દ્વારા કરવામાં આવી હતી.

શૈક્ષણીક સંમેલનમાં વિજાપૂરા વિદ્યાસંકુલ સિદસર, જી.એમ.પટેલ કન્યા છાત્રાલય ધ્રોલ, પટેલ કેળવણી મંડળ જુનાગઢ, કડવા પાટીદાર કેળવણી મંડળ ગોંડલ, શ્રીરામ ખાંડસરી કોલેજ ઉપલેટા, ઓરપેટ કન્યા છાત્રાલય ટંકારા, ઉમાકુમાર વિદ્યાલય જાંબુડા, વિજયાબેન જીવનભાઈ ગોવાણી વિદ્યાલય જામનગર, ઉમિયા કેળવણી મંડળ ધ્રાંગધ્રા, કડવા પાટીદાર કન્યા કેળવણી મંડળ મોરબી, ઉમિયા સેવા ટ્રસ્ટ હળવદ, ફિલ્ડમાર્શલ- ગોવાણી કન્યા છાત્રાલય રાજકોટ, ધુલેશીયા કન્યા છાત્રાલય રાજકોટ, કડવા પટેલ કેળવણી મંડળ સુરેન્દ્રનગર, ઉમિયા પટેલ કેળવણી મંડળ તાલાલા, પટેલ વિદ્યાર્થી આશ્રમ કેશોદ, કડવા પાટીદાર છાત્રાલય બોટાદ, ઉમિયા એજયુકેશન ટ્રસ્ટ લાઠીદળના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.

ડોકટર્સ પ્રોફેશનલ્સ સંમેલન સમારોહના મુખ્ય વકતા તરીકે સીમ્સ હોસ્પિટલ અમદાવાદના સિનીયર કાર્ડિયોલોજીસ્ટ ડો. અનિશ ચંદારાણા તથા કે.પી.એસ.એન.એ ના પૂર્વ પ્રમુખ ડો. ભાણજીભાઈ કુંડારીયાએ પ્રાસંગીક પ્રવચનો કર્યા હતા. અતિથિ વિશેષ તરીકે મેડીકલ કોલેજ રાજકોટના ડો. ભારતીબેન પટેલ, સુપ્રિન્ટેન્ડેન્ટ મોનાલીબેન માકડીયા, ડો. રેખાબેન તથા ડો. અનીલ પટેલ, સુરેશભાઈ ઘેટીયા, વિજયભાઈ સીતાપરા, અમેરિકાના ડો. પ્રદિપભાઈ કણસાગરા, ડો. કીર્તીભાઈ પટેલ, ડો. જગદીશ કણસાગરા, ડો. સતિશ પટેલ, ડો. દિલીપભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, ડો. ગૌતમ માકડીયા, ડો. દિપેશ ભલાણી, ડો. ગિરીશભાઈ પટેલ, ડો. ધીરેન ફળદુ, ડો. ભાવેશ સુરેજા, ડો. દિપક અધારા, આર્કીટેક જવાહરભાઈ મોરી, પ્રમોદભાઈ માકડીયા, પ્રતિકભાઈ ડઢાણીયા, એડવોકેટ એન.જે. પટેલ, સુરેશભાઈ ગોવાણી ઉપસ્થિત રહયા હતા. શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં તમામ સંમેલનનું સંચાલન સહ મહામંત્રી કૌશિકભાઈ રાબડીયાએ કર્યુ હતું.

## જૂનાગઢના નૂરી કલીનીક એન્ડ નિદાન કેન્દ્રમાં જેન્ટસ હિજામા (કપીંગ થેરાપી) કેમ્પનું આયોજન

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહના ગાદીનશીન હઝરત અલ્હાજ પીર ગુલઝાર બાપુ નૂરી દ્વારા સંચાલિત નૂરી કલીનીક એન્ડ નિદાન કેન્દ્ર, મસ્જીદે રઝા પાસે, ઉધીવાડા, જુનાગઢ ખાતે તા. ૫-૧-૨૦૨૫ રવિવારે સવારે ૯-૩૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી પુરૂષો માટે હિજામા (કપીંગ થેરાપી) કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ હિજામા કેમ્પમાં જામનગરના પ્રખ્યાત અને હિજામાનો બહોળો અનુભવ ધરાવતા હિજામા થેરાપિસ્ટ સમીરભાઈ ખલીફા હાજર રહી સેવા આપશે. આ હિજામા આડ અસર વગરનો એકમાત્ર ઈલાજ છે. જુના હઠીલા રોગો ફિટનેશ અને બ્યુટી માટેનો શ્રેષ્ઠ ઉપચાર છે.

હિજામા શું છે ? હિજામા એ પ્રાચીન અને સદીઓથી ઉપયોગ કરવામાં આવતી સારવાર ની પધ્ધતિ છે. જેને આધુનિક રીતે વધુ ઉપયોગી, વધુ સરળ અને વધુ ફાયદાકારક બનાવવામાં આવી છે. મનુષ્યની તંદુરસ્તીનો આધાર શુધ્ધ અને સ્વચ્છ લોહી પર હોય છે. ૭૦ ટકા થી વધુ બિમારીઓ શરીરમાં રહેલા વિષાણુ યુક્ત લોહી દ્વારા થાય છે. જેના કારણે મનુષ્યની તંદુરસ્તી પર ખરાબ અસર પડે છે. અને તે શારીરીક અને માનસિક બિમારીઓનો ભોગ બને છે. દરેક મનુષ્ય (સ્ત્રી અને પુરુષ) માં ઓછા-વધુ પ્રમાણમાં વિષાણુ યુક્ત લોહી રહેલુ હોય છે. હિજામા દ્વારા શરીરમાં રહેલા આવા વિષાણુ યુક્ત લોહીને બહાર કાઢી નાખવામાં આવે છે. મોડર્ન મેડીકલ સાયન્સ પણ હવે ઝડપથી હિજામા તરફ વળી રહ્યું છે. ઘણી બિમારીઓમાં જેમાં મોંઘાદાટ જેવા ઈલાજથી રાહત નથી મળતી તેવી બિમારીઓમાં પણ રેગ્યુલર હિજામા કરવાથી રાહત મળે છે. જુની હઠીલી બિમારીઓમાં પણ આશીર્વાદ રૂપ છે. હિજામા સ્ત્રી-પુરુષ તથા દરેક ઉંમરની વ્યક્તિ તેમજ દરેક જ્ઞાતિના લોકો કરાવી શકે છે.

હિજામા ક્યા ક્યા રોગો માટે છે ? માથાના દુઃખાવા, કમરના દુઃખાવા, ઢીંચણના દુઃખાવા, હૃદયની તકલીફ, બ્લડ પ્રેશર, થાઈરોડ, મોટાપો, સ્કીન એલર્જી, આંખના નંબર, ખેંચ આવવી, વેરીકોઈઝ વેઈન, સાઈટીકા ની તકલીફ, ડીપ્રેશન જેવા અનેક રોગોનો ઉપાય છે. આ કેમ્પમાં એક કપના રૂા. ૬૦/- ચાર્જ લેવામાં આવશે. તો જરૂરીયાતમંદવાળા દર્દીઓને આ કેમ્પનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે. કેમ્પમાં સવારે ૧૦-૦૦ વાગ્યાથી હિજામા શરૂ કરવામાં આવશે. આ કેમ્પમાં મર્યાદિત દર્દી લેવાના હોવાથી દર્દીઓએ બે દિવસ પહેલા નૂરી કલીનીક એન્ડ નિદાન કેન્દ્ર, ઝાલોરાપા રોડ, ઉધીવાડા, જુનાગઢ ખાતે અથવા મોબાઈલ નંબર ૯૯૦૪૧ ૩૬૭૮૬-૭૮૭૪૪૮૭૬૩૬ -૯૯૭૯૧ ૩૪૨૮૪- ૯૯૯૮૮ ૩૯૪૦૬ -૯૮૨૪૨ ૦૨૬૯૫ ઉપર નામનોંધાવવાનું રહેશે તેમ યાદીમાં જણાવાયુ છે.

## યાત્રાધામ વીરપુરમાં આયુષમાન આરોગ્ય મંદીર દ્વારા માવતર વૃદ્ધાશ્રમમાં ટીબી નિક્ષય શિબિરનું આયોજન કરવામાં આવ્યું

તાલુકા હેલ્થ અધિકારી ડો.સાપરિયા તેમજ મેવાસા PHCના ડો.ધર્મીશા દ્વારા વૃદ્ધાશ્રમના વડીલોનું ટીબી નિદાન કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

વીરપુર તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભારતને ૨૦૨૫ સુધીમાં ટીબી મુક્ત કરવાનું ધ્યેય નક્કી કરાયેલ છે. જે અન્વયે હાલમાં ભારતના ૩૪૭ જિલ્લાઓ તે પૈકી ગુજરાતના સોળ જિલ્લા અને ચાર કોર્પોરેશનમાં ટીબી નાબૂદી અભિયાન અંતર્ગત સો દિવસની સઘન ઝુંબેશનો આરંભ તારીખ સાત ડિસેમ્બરથી થયેલ છે, જેમાં ટીબી થવાની શક્યતા ધરાવતા લોકોને કફ તથા એકસ રેની તપાસ દ્વારા ટીબી હોય તો તેનું વહેલું નિદાન કરવાનું છે અને નિદાન થાય તો સમયસર સારવાર ઉપર મૂકી સ્વસ્થ કરવાનું છે, આ અંતર્ગત આયુષમાન આરોગ્ય મંદિર દ્વારા યાત્રાધામ વીરપુર ગામમાં આવેલ માવતર વૃદ્ધાશ્રમ ખાતે જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના પૂર્વ ચેરમેન જનકભાઈ ડોબરીયાના અધ્યક્ષ સ્થાને એક નિક્ષય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જનકભાઈ ડોબરીયાએ વૃદ્ધાશ્રમના હાજર રહેલા વડીલોને આ નિક્ષય શિબિર અંગે માહિતી આપી હતી. તેમજ તાલુકા હેલ્થ ઓફિસર જેતપુર ડો. સાપરિયા દ્વારા ટીબીની બીમારી, તેના લક્ષણો, વિવિધ નિદાન પધ્ધતી વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા મેડિકલ ઓફિસર PHC મેવાસા ડો. ધર્મિશા દ્વારા નિદાન થાય તો દર્દીઓએ પૂર્ણ સારવાર લેવા તથા ટીબીના દર્દીઓ સાથે ભેદભાવ ન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. વૃદ્ધાશ્રમ તમામ વડીલોનું ટીબીની બીમારી અંગે સ્ક્રીનીંગ કરી સાથે સાથે બીપી અને સુગરની તપાસ કરવામાં આવી હતી. તેમજ જે વડીલોના આયુષ્માન કાર્ડ બાકી હતા તેમને આયુષમાન કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા અને વડીલોને એકસરે તપાસ માટે સામૂહિક આરોગ્ય કેન્દ્ર વીરપુર ખાતે લઈ જવામાં આવ્યા હતા, આ કામગીરીમાં ટીબી સુપરવાઈઝર રાઠોડભાઈ, તાલુકા સુપરવાઈઝર કાનાણીભાઈ તથા આયુષ્માન આરોગ્ય મંદિર વીરપુર તથા કાગવડના કોમ્યુનિટી હેલ્થ ઓફિસર અને સ્ટાફ હાજર રહી જહેમત ઉઠાવી હતી.

## GPSCના ક્લાસીસ કરવા માટે આવતી યુવતીનો પીછો કરતા યુવકને કાયદાનો પાઠ ભણાવતી અભયમ

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૩૦

ગીર સોમનાથ જિલ્લામાં ૨૪ કલાક કાર્યરત રહેતી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનમાં ઉના સીટીમાંથી એક યુવતીનો ૧૮૧માં કોલ આવેલ કે એક છોકરો દરરોજ મારો પીછો કરે છે. જેથી હું માનસિક રીતે ખૂબ ડિસ્ટર્બ થાવ છું. તેથી તમારી મદદની જરૂર છે, જેથી ફરજ ઉપર હાજર રહેલ કાઉન્સેલર મનિષા ધોળીયા, કોન્સ્ટેબલ સોનલબેન ખાણીયા અને પાયલોટ બચુભાઈ સ્થળ ઉપર પહોંચ્યા. પીડિતાને મળ્યા તેનું કાઉન્સેલિંગ કરેલ. તો જણાવેલ કે અમે રોજ ૩ છોકરીયું બસમાં દરરોજ અપડાઉન કરીએ છીએ. ક્લાસીસ કરવા જયે ત્યાં જ તે યુવકની દુકાન છે. અમે લોકો જ્યારે નીકળીએ ત્યારે અમારો પીછો કરે છે. બસ સ્ટેશન સુધી પાછળ આવે છે. વોશરૂમ જયે તો ત્યાં પણ પાછળ આવે છે અને ખરાબ નજરથી જોતો હોય છે હું કેટલા દિવસ માનસિક રીતે પરેશાન રહું છું અને તે માટે તેને સબબ શિખાડવો છે. પીડિતા તે યુવકની જ્યાં દુકાન હતી ત્યાં લઈ ગયા તે યુવક હાજર હતો તેને જણાવેલ કે કોઈ પણ મહિલાનો પીછો કરવો તેને ખરાબ નજર થી જોવા તે કાયદાકીય ગુનો બની જાય છે. તેને કાયદાનું ભાન કરાવ્યું અને તેણે યુવતીની માફી માંગી અને તે યુવતીને માફીપત્ર લખીને આપેલ કે હવે પછી આવું ક્યારેય પણ નહિ કરૂ. જેથી યુવતીને આગળ કોઈ કાર્યવાહી કરવી ના હતી. તે માટે જ દીકરીઓને નીડર થઈ ને રહેવું જોઈએ, ડરી ને નહિ. તે યુવતીએ અભયમ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ઘર ઘર ઝુલેલાલ પલ પલ ઝુલેલાલ અંતર્ગત ઝુલેલાલ ભગવાનની મૂર્તિ કેલેન્ડર વિતરણ




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

ઘર ઘર ઝુલેલાલ પલ પલ ઝુલેલાલ અંતર્ગત ઝુલેલાલ ભગવાનની મૂર્તિ કેલેન્ડર સમાજના દરેક ઘરે, દુકાને આપવાનું મુહિમ શરૂ કરેલ છે. જે અંતર્ગત સ્વામી લીલાશાહ મિત્ર મંડળ જૂનાગઢના ચેરમેન રેમશકુમાર શેવકાણી તેમજ ઉદય એકેડમી નાગપુરના ગુજરાત પ્રાંતના પ્રમુખ ગોવિંદભાઈ મેલવાણી આ સેવા કાર્ય કરી રહ્યા છે.

### અવસાન નોંધ

જૂનાગઢ : સ્વ. કિશોરચંદ્ર હંસરાજ પોપટ(ખોખરડા વાળા) તા.૨૮-૧૨-૨૦૨૪ને શનિવારના રોજ તે નયન પોપટ અને હિરેન પોપટ તથા મનીષાબેન ધનેશાના પિતાશ્રી શ્રીજી ચરણ પામેલ છે. જેનું બેસણુ તારીખ ૩૦-૧૨-૨૦૨૪ને સોમવાર સમય ૪ થી ૫ માંગનાથ મહાદેવ મંદિર ,માંગનાથ રોડ ખાતે રાખેલ છે.

જામ ખંભાળિયા : સ્વ. હેમરાજભાઈ લક્ષ્મીદાસભાઈ મજીઠીયાના પુત્ર ધીરજલાલ (ધીરૂભાઈ, ઉ.વ. ૮૫) તે દેવેનભાઈ તેમજ ભાવનાબેન કમલેશભાઈ (મેંગલોર) અને હીનાબેન રાજેશભાઈ ચોટાઈ (પોરબંદર)ના પિતાશ્રી તેમજ સ્વ. જેઠુભાઈ, સૂર્યકાંતભાઈ, સ્વ. અરૂણભાઈ અને મનીષભાઈ તથા હેમલતાબેન સુરેન્દ્રભાઈ પંચમતીયા(મુંબઈ), ઉર્મિલાબેન હરજીવનભાઈ પંચમતીયા (ખંભાળિયા) અને સ્વ. હંસાબેન મુકેશકુમાર ગોકાણી(બેંગલોર)ના મોટાભાઈ તારીખ ૨૭ના રોજ મુંબઈ ખાતે અવસાન પામ્યા છે. સદગતની ટેલીફોનિક સાદડી સોમવાર તારીખ ૩૦ના રોજ સાંજે ૪ થી ૫ સુધી રાખેલ છે.

## ગુજરાત સરકારની વર્તમાન મનરેગાના કામદારો અને કર્મચારીઓ શોષણ નીતિથી નારાજ

છેલ્લા પાંચ વરસથી માંગણીના સંતોષાતા આંદોલનના માર્ગે

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૩૦

સમગ્ર ગુજરાત રાજયમાં વર્તમાન મનરેગાના કામદારો અને કર્મચારીઓની આર્થિક શોષણ નીતિ ી ખુબ નારાજ થયેલ છે. જેને કારણે ઓલ ગુજરાત મનરેગા કર્મચારી યુનિયનના પૂર્વ પ્રમુખ ઘનશ્યામભાઈ રાજે રાજીનામું આપી દીધેલ છે. મનરેગાના કર્મીઓ છેલ્લા પાંચ વરસથી વહીવટી તંત્ર, સરકાર દ્વારા જ બહાર પડાયેલા ઠરાવો, પરિપત્રો અને પત્રોના આધારે પોતાના હક્કો જેવાકે કરાર રીન્યુ સમયે ૧૫%નો વધારો, ઈ.પી. એફ. જીલ્લા ફેર બદલી બીજા મળવા પાત્ર હક્કો કે જે તેમનો હક્ક છે તે મેળવવા લેખિત, રૂબરૂ, કે યુનિયન દવારા રજૂઆત કરી માંગતા આવિયા છે. ઘણી વાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ હિલચાલ જોવા મળી ના હતી તેથી ભૂત કાળમાં મનરેગા કર્મીઓ કપાત પગારે આશરે દોઢ મહિનો હડતાળ ઉપર ઉતરી ગયા હતા. હડતાળને અનુસંધાને વહીવટી તંત્ર દ્વારા એ પગારની વિસંગતા અને અન્ય પ્રશ્નો અંગે કમિટની રચના કરી હતી. આ કમિટી એ ૨૦૨૩માં મીટીંગો કરી પૂરા ગુજરાતભરમાં મનરેગા કર્મીઓના પ્રશ્નોનો અભ્યાસ કરી એક અહેવાલ તૈયાર કર્યો અને ગ્રામ્ય વિકાસ વિભાગને સુપ્રત કરેલ હતો. જે વાતને પોણા બે વરસ થવા આવીયા છતાં કોઈ હકારાત્મક અભિગમ વહીવટી તંત્ર દ્વારા દાખવામાં આવેલ નથી. તેથી તે વહીવટી તંત્રની આળશનો રંજ અને નારાજગી કર્મીઓમાં જોવા મળી છે. તેથી પૂર્વ પ્રમુખના રાજીનામા અને કર્મીઓના અન્યાય તેમજ વહીવટી તંત્રની કુંભ કર્ણની ઊંઘ ઉડાડવા માટે ઓલ ગુજરાત મનરેગા કર્મચારી યુનિયનના વર્તમાન પ્રમુખ વિશાલભાઈ જોશી તથા યુનિયનના હોદેદારો દવારા વહીવટીતંત્ર સામે ગાંધી ચિંધ્યા માર્ગે જઈ ઉપવાસ આંદોલન, હડતાળ વિગેરે કાર્યક્રમો યોજી કર્મચારીઓને મળવા પાત્ર હક્ક મળે શોષણ બંધ થાય સમગ્ર મનરેગા કર્મચારીઓ અને કામદારો ન્યાય મળે ગુજરાત મોડેલને દેશનું મોડલ રાજ્ય બનાવવા જમીન વાસ્તવિકતા સમજી ન્યાય મળે તેવું ઈચ્છી રહ્યા છે.


પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન

ઇ-ઓક્શન નોટિસ

ઉપરોક્ત સંદર્ભમાં, રાજકોટ ડિવિઝન માટે નીચેના કેટલોગ માટે ઇ-ઓક્શન પર બિડ મંગાવવામાં આવે છે, જે આઈઆરઈપીએસ વેબસાઇટ પર પહેલેથી જ પ્રકાશિત કરવામાં આવી છે. જેની વિગતો નીચે મુજબ છે.

| કેટલોગ નં | કરારના પ્રકારો | વર્ગ | પર્યાપ્ત | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| RJT-ADVT-24-19 | ➢ ફન ઝોન (ઇન્ડોર/આઉટડોર ગેમ્સ) નો વિકાસ અને સંચાલન - ગેમ ઝોન હેઠળ ➢ જાહેરાત સાથે બેટરી સંચાલિત ગાડીઓ - રાજકોટ ➢ પૂજા સામગ્રી કિઓસ્ક-દ્વારકા | MISC- સ્થિર- સેવાઓ જાહેરાત | 03/05/08 વર્ષ | તા.13.01.2025 10:00 વાગ્યે શરૂ થશે |
| | ➢ સુરેન્દ્રનગર ખાતે પાર્કિંગ-મિશ્ર | પાર્કિંગ | | |
| | ➢ જાહેરાત - આઉટ ઓફ હોમ (હોર્ડિંગ/જેન્ટ્રી/વિડિયો વોલ) જાહેરાત - ટ્રેન બાહ્ય | જાહેરાત | | |

ઉપરોક્ત કેટલોગ નંબર હેઠળ લોટ મુજબની વિગતો આગામી ઇ-ઓક્શન , ઝોન: પશ્ચિમ રેલવે, યુનિટ: રાજકોટ ડિવિઝન - કોમર્શિયલ હેઠળ WWW.IREPS.GOV.IN (ઇ - ઓક્શન લીઝિંગ) વેબસાઇટ પર ઉપલબ્ધ છે. 141


અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# જૂનાગઢ શહેરને સ્વચ્છ અને રળીયામણું બનાવવા કમિશ્નર દ્વારા ભરપુર પ્રયાસો

## તા. ૧ જાન્યુઆરી બુધવારથી સુકો અને ભીનો કચરો અલગથી નહી અપાય તો આકરા દંડ ભરવાની તૈયારી રાખજો






જૂનાગઢ તા.૩૦

જૂનાગઢમાં મનપાનાં કમિશ્નર ડો. ઓમપ્રકાશ દ્વારા જૂનાગઢ શહેરને સ્વચ્છ અને રળીયામણું બનાવવા માટેની અનેકવિધ કામગીરી ચાલી રહી છે. અને ખુબ જ ટુંકા ગાળામાં વિવિધ કામો હાથ ધરી અને એક કર્તવ્યનિષ્ઠ અધિકારી તરીકેની છાપ બનાવી શકયા છે.

જૂનાગઢ શહેરની જનતાને આ શહેર રળીયામણું મળી શકે તે માટેનાં સરકાર દ્વારા અનેક સારી યોજનાઓ હાથ ધરી અને નાણાંની ફાળવણી કરવામાં આવી રહી છે. આ સાથે જ જૂનાગઢ મનપાનાં કમિશ્નર ડો. ઓમપ્રકાશનાં વડપણ હેઠળ પણ કોર્પોરેશન દ્વારા વિવિધ કામગીરી કરવામાં આવી રહી છે. જૂનાગઢ શહેરમાં રોડની સાઈડમાં આડેધડ ઘણા લાંબા સમયથી રેઢા મુકી દેવાયેલા અથવા તો પાર્કીંગ કરાયેલા વાહનો તેમજ દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી હતી. રસ્તાઓની કામગીરીમાં નબળી કામગીરી કરનારા કોન્ટ્રાકટરોને પણ દંડ ફટકારવામાં આવેલ હતો. તેમજ પ્રતિબંધીત પ્લાસ્ટીકનાં ઉપયોગ કરનારા સામે પણ આકરા દંડ ફટકારવાની જોગવાઈ સાથે કામગીરી કરવામાં આવી રહી છે. જૂનાગઢ શહેરનાં વિવિધ વિસ્તારોમાં પણ દબાણ હટાવની કામગીરી કરવામાં આવી હતી. તેમજ ગેરકાયદેસર રસ્તા પરના દબાણો પણ દુર કરવાની કામગીરી કરી હતી. આ ઉપરાંત શહેરને સુંદર અને રળીયામણું બનાવવા માટે સુશોભનની કામગીરી પણ વિવિધ વિસ્તારોમાં એટલે કે મુખ્ય માર્ગો પર કરવામાં આવી છે. ત્યારે આ મુખ્ય માર્ગોને વૃક્ષારોપણ તેમજ લાઈટની રોશનીથી શણગારવામાં આવેલ છે તે રાત્રીનાં તો અલગ જ નજારો જોવા મળી રહયો છે. રસ્તાનાં કામો પણ સારી કવોલીટીવાળા બને તે માટે કમિશ્નર દ્વારા સતત નજર રાખવામાં આવી રહી છે. અને જરૂરી સુચનાઓ પણ આપવામાં આવી છે. મનપાનાં કમિશ્નર ડો. ઓમપ્રકાશએ જણાવ્યું હતું કે હાલ જૂનાગઢ શહેરમાં ગટર, પાણી અને ટોરેન્ટ ગેસની પાઈપ લાઈન બીછાવવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે આ કામગીરી જયાં ચાલે છે તે રસ્તાઓને બાદ કરતાં મોટા ભાગનાં રસ્તા રીપેરીંગની કામગીરી કરવામાં આવી છે. આ ઉપરાંત જૂનાગઢ શહેરને સ્વચ્છતા બનાવવાનાં અભિયાનનાં ભાગરૂપે ભીનો કચરો અને સુકો કચરો અલગ આપવા માટે નગરજનોને અપીલ પણ કરવામાં આવી હતી. અને આ અંગે લોકોને માહિતગાર પણ કરવામાં આવ્યા છે. જૂનાગઢ શહેરનાં વિવિધ વિકાસ કામો પણ ઝડપી ધોરણે પુરા થાય તે રીતની કામગીરી હાથ ધરાય તેવા જરૂરી આદેશો પણ કર્યા છે. દરમ્યાન આગામી તા. ૧ જાન્યુઆરી બુધવારથી ભીનો અને સુકો કચરો અલગ નહી આપવામાં આવે તો દંડની કડક કાર્યવાહી કરવામાં આવશે તેવા નિર્દેશો મળી રહયા છે.

## ગિરનાર પર ૬.૯ ડીગ્રી તાપમાન : જૂનાગઢ સહીત સોરઠમાં શીત લહેર : જનજીવન પ્રભાવિત



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ સહીત સોરઠ પંથકમાં ડીસેમ્બર માસની શરૂઆતથી જ કાતિલ ઠંડીનું મોજુ પ્રસરી ગયું છે. આજે પણ ગિરનાર પર્વત પર ૬.૯ ડીગ્રી ઠંડી નોંધાઈ છે. ભવનાથ વિસ્તારમાં આવતા પ્રવાસીઓ તેમજ સ્થાનીકો ઠંડીનાં કારણે ઠુંઠવાયા છે. જૂનાગઢ શહેરમાં ગઈકાલે રવિવારે સિઝનનું સૌથી ઓછું ૮.૬ ડિગ્રી તાપમાન નોંધાતા જૂનાગઢ સહિત સોરઠ પ્રદેશ ઠંડુગાર થઈ ગયો હતો. જેની સીધી અસર સામાન્ય જનજીવન ઉપર થઈ હતી. છેલ્લા ૨ દિવસથી ઠંડીમાં ક્રમશઃ વધારો થઈ રહ્યો છે. રવિવારે ૨૪ કલાકમાં ૬.૯ ડીગ્રી પારો નીચે ઉતરીને ૮.૬ ડિગ્રીએ સ્થિર થયો હતો. જ્યારે ભવનાથમાં પારો ઘટીને ૫.૬ ડિગ્રી સુધી પહોંચી જતા તળેટી વિસ્તારમાં બર્ફિલુ વાતાવરણ થઈ ગયું હતું અને નાતાલ પર્વની રજાની મજા માણવા આવેલા પ્રવાસીઓ સહિતના લોકો ઠંડીથી કાંપી ઉઠયા હતા. રાતથી શરૂ થયેલી ઠંડી સવાર થતાની સાથે અચાનક વધી જતાં તમામ લોકો સહિત તમામ જીવનાં હાલ બેહાલ થઈ ગયા હતાં. ગલકાલે રવિવારની સવારે ૬.૯ ડિગ્રી પારો નીચે આવીને ૮.૬ ડીગ્રીએ આવી ગયો હતો. સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૬ ટકા રહેતા ઠંડી વધુ કાતિલ બની હતી. ભવનાથ વિસ્તારમાં ૫.૬ ડીગ્રી તાપમાન રહેતા સમગ્ર તળેટીમાં હાડ થીજાવતી ઠંડીનું મોજુ ફરી વળ્યું હતું. સાથે સવારથી ૭.૮ કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફૂંકાતા વાતાવરણ વધુ ઠંડુગાર થઈ ગયું હતું. બપોરે વાતાવરણમાં ૪૬ ટકા ભેજ વચ્ચે મહત્તમ તાપમાનનો પારો ૨૬.૬ ડિગ્રીએ સ્થિર રહ્યો હતો. પરંતુ બપોરના ભેજ વધતા આખો દિવસ લોકોએ તીવ્ર ઠંડીનો અહેસાસ કર્યો હતો. ગત વર્ષે ૩ જાન્યુઆરીએ જૂનાગઢનું લઘુતમ તાપમાન ૯.૮ ડિગ્રી રહ્યું હતું. આ વર્ષે ડિસેમ્બરના અંતિમ રવિવારે નોંધાયેલું ૮.૬ ડિગ્રી તાપમાન મોસમનું સૌથી વધુ છે. હજુ આગામી ૨ દિવસ લઘુતમ તાપમાન ૯ ડિગ્રી આસપાસ રહેશે.

જૂનાગઢ શહેર તેમજ સોરઠમાં એક જ દિવસમાં ઠંડી ૬.૯ ડિગ્રી વધીને ૮.૬ ડિગ્રી થઈ જતા સૌ કોઈ ધ્રુજી ઉઠયા હતા. આ પહેલા ગત ૧૮ ડિસેમ્બરે જૂનાગઢનું લઘુતમ તાપમાન ૯.૯ ડિગ્રી નોંધાયું હતું. ૧૧ દિવસ બાદ ૮.૬ ડિગ્રી ઠંડીનો સામનો કરવો પડ્યો હતો.

દરમ્યાન આજે જૂનાગઢ શહેરનું તાપમાન મેકસીમમ ૧૪ ડીગ્રી તેમજ મીનીમમ ૧૧.૮ ડીગ્રી, ભેજ ૮૯ ટકા અને પવનની ગતી ૩.૯ રહી હતી. હજુ બે દિવસ સુધી લઘુતમ તાપમાન ૯ ડીગ્રી આસપાસ રહેશે તેવી હવામાન વિભાગની આગાહી છે.

## જૂનાગઢ મનપાની ચુંટણીલક્ષી કામગીરી પૂર્ણ થઈ ગઈ છે : કમિશ્નર

જૂનાગઢ તા. ૩૦

જૂનાગઢ મનપાની આગામી યોજાનાર ચુંટણી અંગે હવે ઘડીઓ ગણાઈ રહી છે અને આ ચુંટણી કયારે યોજાશે તે અંગે ભારે ગણગણાટ જોવા મળી રહયો છે. દરમ્યાન મનપાનાં કમિશ્નર ડો. ઓમપ્રકાશે ચુંટણી અંગે જણાવ્યું હતુ કે મનપાની ચુંટણી અંગે અમારી સંપૂર્ણ તૈયારી છે. કોર્પોરેશન ચુંટણી માટે સજજ બની ગયું છે તેમ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે જૂનાગઢ મનપાની ગત બોડીની મુદત પૂર્ણ થયા બાદ હાલ કમિશ્નર ડો. ઓમપ્રકાશનાં માર્ગદર્શન હેઠળ કામગીરી ચાલી રહી છે. અને ચુંટણીલક્ષી તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. અને ગમે ત્યારે કોર્પોરેશનની ચુંટણી જાહેર થાય તેવા નિર્દેશો મળી રહયા છે.

જૂનાગઢ કોર્પોરેશનની આગામી ચુંટણી અંગે ભારે આતુરતા જોવા મળી રહી છે.

## જૂનાગઢ જનરલ હોસ્પિટલ ખાતે આયુષ ઓપીડી અને આયુર્વેદ પંચકર્મ ડે- કેર સેન્ટરની મુલાકાતે ગુજરાત સરકારના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

ગુજરાત રાજ્યના લોકોના આરોગ્ય અને સુખાકારીમાં વધારો થાય તે હેતુસર સરકાર દ્વારા એક જ છત નીચે એલોપથી તબીબી સારવારની સાથોસાથ આયુષ(આયુર્વેદ,યોગ,યુનાની, સિદ્ધા અને હોમીઓપેથી)ની સેવાઓ પણ મળી રહે, તેવા હોલીસ્ટીક એપ્રોચથી દરેક જિલ્લાની મુખ્ય જનરલ હોસ્પિટલ ખાતે આયુર્વેદ અને હોમિયોપથી ઓપીડીની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જે અંતર્ગત જૂનાગઢની જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ ખાતે ઓકટોબર-૨૦૧૮થી આયુર્વેદ તથા હોમિયોપથી ઓપીડીની શરૂઆત કરવામાં આવેલ છે. આ ઓપીડી સેવામાં આયુર્વેદ અને હોમિયોપથી નિદાન અને સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આજ દિન સુધીમાં અનેક લોકોએ આયુર્વેદ અને હોમિયોપથી ઓપીડી ખાતે સેવાઓનો લાભ લીધેલ છે. આયુષની વધુ સેવાઓ લોકો સુધી પહોંચે એ હેતુસર જનરલ હોસ્પિટલ જૂનાગઢ ખાતે આયુર્વેદ પંચકર્મ ડે કેર સેન્ટરની શરૂઆત કરવામાં આવેલ છે. આયુર્વેદની ખૂબ ઝડપી અસરકારક અને ફાયદારૂપ એવી પંચકર્મની સારવાર માટે આયુર્વેદ પંચકર્મ ડે - કેર સેન્ટર ખાતે પંચકર્મની સુવિધા નિયમિત રૂપે મળશે. પંચકર્મ સારવાર માં માલીશ, શેક, નસ્ય, શિરોધારા, જાનુ - કટિ - હદ – ગ્રીવા બસ્તિ વિગેરે જેવી સારવાર કરવામાં આવશે. આ સારવાર શરીર માં ભેગા થયેલ વિષ (જમા થયેલ ગંદકી) ને બહાર કાઢી શરીર ને ડીટોક્ષ (વિષ) મુક્ત કરી ભવિષ્ય આવનાર ગંભીર પ્રકારના ના રોગ જેવા કે કેન્સર,સોર્યાસિસ,વા સાંધા ના રોગ, લાઈફ સ્ટાઈલ આધારિત રોગ જેવાકે ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, ચિંતાને કારણે થતા રોગો , ગોઠણ - કમર - સાંધાના દુઃખાવા, સાયટીકા, માથા - વાળના રોગો, ચામડીના રોગો વિગેરે માં ખૂબ સારૂ અને ઝડપી પરિણામ આપે છે. ગુજરાત રાજયના આરોગ્ય મંત્રી ઋષીકેશભાઈ પટેલ, આરોગ્ય વિભાગના અગ્ર સચિવ તથા કમિશ્નર તથા અન્ય ઉચ્ચ અધિકારીઓની ટીમ અને આયુષ નાયબ નિયામક જનરલ હોસ્પિટલ જૂનાગઢની મુલાકાતે આવેલ, જે દરમ્યાન આયુષ ઓપીડી અને આયુર્વેદ પંચકર્મ ડે કેર સેન્ટરની મુલાકાત લીધેલ. આરોગ્ય મંત્રીએ આયુષ ઓપીડી અને આયુર્વેદ પંચકર્મ ડે કેર સેન્ટરના તમામ વિભાગની મુલાકાત લીધેલ અને ઉપલબ્ધ સુવિધા અને કામગીરીની સમીક્ષા કરવામાં આવેલ. આયુષ ઓપીડી ખાતે આયુર્વેદ નિદાન સારવાર, હોમિયોપથી નિદાન સારવાર, યોગ-આસન-પ્રાણાયામ અંગે માર્ગદર્શન તથા પંચકર્મની પણ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જૂનાગઢ અને આસપાસના લોકો આ સુવિધાનો વધારે પ્રમાણમાં લાભ લે તે માટે જિલ્લા આયુર્વેદ અધિકારીએ અપીલ કરી છે.

## ઉના તાલુકાના કોબ ગામે મહિલાના ઘરમાં ઘૂસી છરીના ૮ ઘા માર્યા

### બે યુવકે પહેલા મહિલાને રસ્તામાં આંતરી બીભત્સ શબ્દો કહ્યા, પીછો કરી દીકરીની સામે જ લોહીલુહાણ કરી

ઉના તા. ૩૦

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના કોબ ગામે મહિલાના ઘરમાં ધુસીને બે શખસે દારૂના નશામાં છરીના આઠ ઘા માર્યાનો બનાવ બહાર આવતા ચકચાર જાગી ઉઠી છે. મહિલા અને તેમની પુત્રી દીવથી ઘરે પરત ફરી રહ્યાં હતાં, તે દરમ્યાન રસ્તામાં આ બન્ને આરોપી બીભત્સ શબ્દો બોલતા મહિલા સાથે બોલાચાલી થઈ હતી. આ ઝઘડાથી ઉશ્કેરાઈને બન્ને આરોપીઓ મહિલાના ઘરે પહોંચી ગયા હતા અને મહિલાની દીકરીની નજર સામે જ હાથાપાઈ કરી હતી. જેમાં એક શખસે નેફામાંથી છરી કાઢી મહિલાને આડેધડ ઘા ઝીંકી દીધી હતી. આ હુમલાથી મહિલા લોહીલુહાણ થઈ જતાં ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. માતા પર થયેલો જીવલેણ હુમલો જોઈ દીકરીએ બૂમાબૂમ કરી મૂકી હતી.

ઉનાના નવાબંદર મરીન પોલીસ મથક વિસ્તારમાં કાયદો-વ્યવસ્થા કથળી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. કોબ ગામે રહેતા લસુબેન રમેશભાઈ બાંભણિયા અને તેમની દીકરી દીવના ડગાચી ગામેથી ઘરે કોબ જઈ રહ્યાં હતાં. ત્યારે કોબ ગામમાં જ રહેતા હાર્દિક બારિયા અને અક્ષય બાંભણિયા નામના બે શખસ પોતાનું બાઈક લઈ નીકળ્યા હતા. ત્યારે લસુબેન સાથે બોલાચાલી થતા બંને શખસો ઉશ્કેરાઈ જઈ લસુબેનને બીભત્સ શબ્દો કહ્યા હતા. બાદમાં આ બંને આરોપી દીવ જઈ દારૂ પીને આવી લસુબેન અને તેમની દીકરી ઘરે એકલાં હતાં તે દરમિયાન અચાનક ઘરમાં ઘૂસી જઈ ઝપાઝપી કરી હતી. જ્યાં એક યુવકે મહિલાને દબોચી રાખી હતી અને બીજાએ પેન્ટના નેફામાંથી છરી કાઢીને આડેધડ પીઠ, ચહેરા અને માથાના ભાગે ૮ જેટલા ઘા ઝીંકી દીધા હતા. આ ઘટના સમયે ઘરમાં રહેલી દીકરીએ બૂમાબૂમ કરતા આસપાસના લોકો દોડી આવતા બન્ને ફરાર થઈ હતા. આ હુમલાથી લોહીલુહાણ થયેલાં લસુબેન ઘરમાંથી ધીમેધીમે બહાર આવ્યા બાદ ઢળી પડયાં હતાં. આ હુમલાની સમગ્ર ઘટના લસુબેનની દીકરીએ પોતાના મોબાઈલમાં કેદ કરી હતી.

હાજર લોકોએ ૧૦૮ને જાણ કરતાં લોહીલુહાણ હાલતમાં પડેલી મહિલાને તાત્કાલિક ઉનાની ખાનગી સંસ્થાની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. ઘટનાની જાણ નવાબંદર મરીન પોલીસને થતાં પોલીસ સ્ટાફ હોસ્પિટલ દોડી આવ્યો હતો અને ઈજાગ્રસ્ત મહિલાની ફરિયાદ લઈ તપાસ હાથ ધરી હતી.

આ બાબતે મહિલાની પુત્રીના જણાવ્યા અનુસાર, ગત રોજ(૨૯ ડિસેમ્બર) સાંજે ૪ વાગ્યાના સમય દરમ્યાન તે અને તેની માતા લછુબેન રમેશભાઈ બાંભણિયા દીવથી આવતાં હતાં. આ સમયે કોબ ગામનાં બે શખસ તેઓનો પીછો કરીને અપશબ્દો બોલતા હતા અને ઘરે પહોંચતા આ બન્ને યુવાનો ખુલ્લી છરી સાથે લછુબેન રમેશભાઈ બાંભણિયાના ઘરમાં ધૂસીને મહિલાને પકડી ઉપરાછાપરી આડેધડ છરીના ઘા મારવા લાગ્યા હતા.

વધુમાં મહિલાની દીકરીએ ઉમેર્યું કે, બન્ને યુવક સાથે ઘણા સમયથી મનદુઃખ ચાલતું હોવાથી આ પહેલાં પણ તેની માતા પર હુમલો કરી લોખંડનાં સળિયા મારી ઈજા કરી હતી. તે બાબતે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, પરંતુ પોલીસ દ્વારા નક્કર કાર્યવાહી નહીં થતી હોવાના કારણે આ બન્ને યુવાનો હેરાનગતિ કરીને જીવલેણ હુમલા વારંવાર કરતાં હતા. તથા બન્ને આરોપી દારૂના નશામાં ઘર સુધી પહોંચી જતા હતા.

## કેશોદ પંથકમાં દારૂ અંગેના બે દરોડામાં ૩ની ધરપકડ : ૪ સામે ગુનો દાખલ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

કેશોદના ચાંદીગઢના પાટીયા નજીક આવેલ શ્રીરામ ફર્નીચરવાળી ગલીમાં રહેણાંક મકાનમાંથી ૯૨ બોટલ સાથે બે ઝડપાયા બાદ વધુ પુછપરછ કરતા દારૂ આપનારને ત્યાં દરોડો પાડતા કારમાંથી વધુ ૩૩૬ બોટલ દારૂ ઝડપાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસે ગઈકાલે બપોરના સમયે ચાંદીગઢના પાટીયા પાસે શ્રીરામ ફર્નીચરવાળી ગલીમાં રહેતા લખુ ખીમાભાઈ કોડીયાતરના રહેણાંક મકાને દરોડો પાડતા ૧૮૦ એમએમની વિદેશી દારૂની ૯૨ બોટલ કિ.રૂા.૯૨૦૦ મળી આવતા પોલીસે વિશાલ માલદે દાસા અને લખુ ખીમા કોડીયાતરની અટકાયત કરી પુછપરછ કરતા આ દારૂ ઉત્સવભાઈ વિજયભાઈ ગૌસ્વામીએ આપેલ હોવાનું કબુલતા પોલીસે આંબાવાડી વિસ્તારમાં આવેલ રચના એપાર્ટમેન્ટના પાર્કિંગમાં રહેલ ઉત્સવપરી વિજયપરી ગૌસ્વામીની વોલ્કસ વેગન કંપનીની કબુતરી કલરની વેન્ટો કારની તલાસી લેતા તેમાંથી ૩૩૬ બોટલ અલગ અલગ વિદેશી દારૂ કિ.રૂા.૩૦૬૦૦ સહિત કાર, મોબાઈલ મળી કુલ ૩,૪૩,૬૦૦ના મુદ્દામાલ સાથે ઉત્સવપરી વિજયપરી ગૌસ્વામીની અટકાયત કરી આ દારૂનો જથ્થો પ્રફુલ લલીતભાઈ તન્નાએ આપ્યો હોવાનું કબુલતા પોલીસે ચારેય આરોપીઓ વિરૂધ્ધ કેશોદ પોલીસ મથકે પ્રોહીબીશન અંતર્ગત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વંથલી-માણાવદર રોડ અજાણ્યા વાહન ચાલકે બાઈકને હડફેટે લેતા આધેડનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

વંથલી-માણાવદર રોડ પર ગત તા.૨૬-૧૨ના બપોરના સમયે અજાણ્યા વાહન ચાલકે આધેડ બાઈક ચાલકને હડફેટે લેતા ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન મોત નિપજતા પોલીસ અજાણ્યા વાહન ચાલક વીરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે મુકેશભાઈ ભનુભાઈ ટાંકે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ પોતાના હવાલાવાળુ વાહન પુરઝડપી અને બેફીકરાઈથી ચલાવી ફરીયાદીના મોટાબાપાના દિકરા રમેશભાઈ કરશનભાઈ ટાંક(ઉ.વ.૫૦)ના મોટર સાયકલ નં.જીજે-૦૭-એઈ-૯૦૦૧ને હડફેટે લઈ અકસ્માતે કરી શરીરે ગંભીર ઈજાઓ કરી સારવાર દરમ્યાન મોત નિપજાવ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## બીલખાના ચોરવાડી ગામે મહિલાનો ગળેફાંસો ખાઈ આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ જીલ્લાનાં ચોરવાડી ગામે માનસીક બિમારીથી એક મહિલાએ ગળાફાંસો ખાઈ લેતાં નાના એવા ગામમાં અરેરાટીની લાગણી જન્મી છે. બીલખાના ચોરવાડી ગામનાં બાલુભાઈ ગોપાલભાઈ મોરે બીલખા પોલીસ મથકે જાહેર કર્યા મુજબ પોતાની મૃતક પુત્ર પુજાબેન મોહીતભાઈ ડાભી (ઉ.વ.૨૬) રહે.રાજકોટ માનસીક બીમાર હોય જેની સારવાર રાજકોટ સીવીલમાં ચાલુ હોય જેથી પોતાની માનસીક બીમારીના કારણે પોતાના પિતાના ઘરે રૂમમાં છતના પંખામાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.